રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 261 | Dt. 1-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ક્રૂડ ઓઇલના સંકટ વચ્ચે સરકારનો મોટો ખેલ

પેટ્રોલ ડ્યૂટી શૂન્ય કરી, ડીઝલ કર્યું મોંઘું

ડીઝલ પર પ્રતિ લિટર ૩ રૂપિયા ATF પર ૫૦ પૈસાનો વધારો : પેટ્રોલની નિકાસ પર હવે નહિ લાગે ડ્યૂટી : ગ્રાહકોને મોંઘવારીથી બચાવવાનો પ્રયાસ

નવી દિલ્હીઃતા.૩૧

કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ ઉત્પાદનોના નિકાસ કર માળખામાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. તાજેતરના નિર્ણય મુજબ, સરકારે પેટ્રોલ પરનો નિકાસ વેરો સંપૂર્ણપણે શૂન્ય કરી દીધો છે, જ્યારે ડીઝલ અને વિમાન ઇંધણ (ATF) પરની નિકાસ ડ્યુટીમાં વધારો ઝીંક્યો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલની વધઘટ વચ્ચે દેશમાં ઇંધણનો પૂરતો જથ્થો જળવાઈ રહે અને સામાન્ય જનતાને સીધી મોંઘવારીનો સામનો ન કરવો પડે તે ઉદ્દેશ્યથી આ પગલું ભરવામાં આવ્યું છે. આ નવા સુધારેલા દરો ૩૧ ઓક્ટોબરથી તાત્કાલિક અસરથી દેશભરમાં લાગુ થઈ ગયા છે.

નાણાં મંત્રાલયના રાજસ્વ વિભાગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન અનુસાર, પેટ્રોલિયમ પેદાશો પર વસૂલવામાં આવતી સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટીમાં કરાયેલા ફેરફારો જોઈએ તો અગાઉ પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર ૨.૫ રૂપિયા વેરો લાગતો હતો, જે હવે સંપૂર્ણપણે નાબૂદ કરી શૂન્ય કરવામાં આવ્યો છે.હાઇ-સ્પીડ ડીઝલની નિકાસ પરનો દર પ્રતિ લિટર ૮.૫ રૂપિયાથી વધારીને ૧૧.૫ રૂપિયા કરવામાં આવ્યો છે, એટલે કે પ્રતિ લિટરે ૩ રૂપિયાનો વધારો થયો છે. વિમાન ઇંધણ (ATF): વિમાન ઇંધણ પરની ડ્યૂટી પ્રતિ લિટર ૧૦.૫ રૂપિયાથી વધારીને ૧૧ રૂપિયા કરવામાં આવી છે.

સરકારના નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય

આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારમાં સતત અસ્થિરતા જોવા મળી રહી છે. સરકારે માર્ચ ૨૦૨૬માં પશ્ચિમ એશિયાની ભૂ-રાજકીય કટોકટી સમયે આ વિશેષ નિકાસ કર લાગુ કર્યો હતો. સરકારની આ નીતિનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે ઊર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરવાનો છે. રિફાઇનરી કંપનીઓ વધુ નફાની લાલચમાં તમામ ઇંધણની વિદેશમાં નિકાસ ન કરી દે અને પરિણામે ભારતીય બજારમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત ન સર્જાય, તે માટે આ પ્રકારના નિયંત્રણો મૂકવામાં આવે છે. કેન્દ્ર સરકાર દર ૧૫ દિવસે વૈશ્વિક બજારના સરેરાશ ભાવોની સમીક્ષા કરીને આ દરો નક્કી કરે છે.

સામાન્ય નાગરિકના ખિસ્સા પર શું અસર થશે?

આ ફેરફારો સીધા નિકાસ વેરા સાથે જોડાયેલા હોવાથી, સ્થાનિક છૂટક પેટ્રોલ પંપના ભાવ પર તેની તાત્કાલિક કોઈ નકારાત્મક અસર થવાની શક્યતા નહિવત છે. ડીઝલ પર નિકાસ વેરો વધવાથી રિફાઇનરી કંપનીઓ સ્થાનિક વેચાણને પ્રાથમિકતા આપશે, જેનાથી દેશમાં ડીઝલનો પૂરવઠો સુરક્ષિત રહેશે. વિમાન ઇંધણ (અઝફ્ર) પરનો વધારો પણ માત્ર નિકાસ પૂરતો મર્યાદિત હોવાથી સ્થાનિક ફ્લાઇટ્સના એરફેર પર તેની સીધી અસર થવાની સંભાવના ઓછી છે. રિટેલ ગ્રાહકો માટે પેટ્રોલ-ડીઝલના દરો સ્થિર રહેવાની સંભાવના છે, અને સરકારના આ પગલાથી અર્થતંત્રને આંતરરાષ્ટ્રીય અનિશ્ચિતતા સામે મજબૂત રક્ષણ મળશે.



AI IMAGE

વિરોધ પત્રની સાથે દેશ વિરોધી તાકતોને હાવી ન થવા વડાપ્રધાનની અપીલ

નકસલવાદ ખતમ છતાં રહો સાવધ : PM

એકતાનગરને ૪૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટસ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન; પ્રવાસીઓ માટે નવનિર્મિત 'રેઇન ફોરેસ્ટ' અને 'વામન વૃક્ષ વાટિકા' ખુલ્લા મુકાયા









ગાંધીનગર, તા.૩૧

શનિવારે એકતાનગર (કેવડિયા) ખાતે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલની વિરાટ પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ વિશેષ અવસરે ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર દ્વારા પ્રતિમા પર પુષ્પવર્ષા કરીને ભાવવંદના કરવામાં આવી હતી. વડાપ્રધાને ૪૦૦ કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી પ્રવાસીઓ માટે નવી સુવિધાઓનો પ્રારંભ કરાવ્યો હતો.

પ્રકૃતિનો અદભુત નજારોઃ રેઇન ફોરેસ્ટનું ઉદ્ઘાટન : વડાપ્રધાને એકતાનગર ખાતે પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષણ સમાન 'રેઇન ફોરેસ્ટ'ને ખુલ્લું મુક્યું હતું. વાગડિયા ચેકપોસ્ટ નજીક નવા ગોરા બ્રિજ પાસે ૯.૪૯ કરોડ રૂપિયાના ખર્ચે ૪૭,૦૦૦ ચોરસ મીટરમાં આ ભવ્ય પ્રોજેક્ટનું નિર્માણ કરાયું છે. વડાપ્રધાને અહીંના મુખ્ય આકર્ષણ એવા ૨૨૦ મીટર લાંબા ગ્લાસ ડેક ધરાવતા સ્કાયવોક બ્રિજ પરથી પસાર થઈને સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે નર્મદા નિગમના ચેરમેન મુકેશ પુરી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અમિત અરોરા પાસેથી ઉછેરવામાં આવેલા વિવિધ છોડ અને વૃક્ષોની ઝીણવટભરી વિગતો મેળવી હતી. આ મુલાકાતમાં તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી પણ જોડાયા હતા.

વામન વૃક્ષ વાટિકા અને કલાનો અનોખો સંગમ : વડાપ્રધાને ઈ-કાર્ટ મારફતે 'વામન વૃક્ષ વાટિકા'ની વિસ્તૃત મુલાકાત લીધી હતી. આ વાટિકામાં પરંપરાગત ટેકનિકથી ઉછેરવામાં આવેલા ૬૫ જાતિના ૧,૧૪૭ જેટલા મિનીએચર (બોન્સાઈ) વૃક્ષો પ્રદર્શિત કરાયા છે. તેમણે સમત્વ વાટિકા અને ઝેન ગાર્ડન નિહાળ્યા બાદ, ઇન્ટરપ્રિટેશન સેન્ટરમાં ભારતથી વૈશ્વિક બોન્સાઈ સુધીની યાત્રા દર્શાવતી વર્ચ્યુઅલ ટૂર નિહાળી હતી. બોન્સાઈ તાલીમ કાર્યશાળામાં સ્થાનિક મહિલા કારીગરો સાથે સંવાદ કરી વામન વૃક્ષ ઉછેરની પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. પ્રવાસીઓને પ્રકૃતિ અને આધ્યાત્મિકતાની અનુભૂતિ કરાવવા આ ઉદ્યાનમાં ઝરણા, ફાઉન્ટેન, તળાવ, વ્યૂઈંગ ડેક, ગઝેબો અને બાળકો માટે રમવાની જગ્યા જેવી ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

શૌર્ય અને શિસ્તનું મહાપર્વઃ ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ : સ્ટેચ્યુ ઑફ યુનિટીના સાંનિધ્યમાં 'નકલમુક્ત ભારત'ની થીમ સાથે રાષ્ટ્રીય એકતા પરેડ યોજાઈ હતી, જેમાં દેશની એકતા અને આંતરિક સુરક્ષાનો મજબૂત સંદેશ અપાયો હતો. વડાપ્રધાન અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરેડની સલામી અપાઈ હતી. આ પરેડમાં CRPF, BSF, CISF, ITBP, SSB, આસામ રાઇફલ્સ, NSG અને NDRFના જવાનોએ શિસ્તબદ્ધ કદમતાલ સાથે અદમ્ય સાહસનું પ્રદર્શન કર્યું હતું.

વિવિધતામાં એકતાને સાર્થક કરતા આ પર્વમાં આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, જમ્મુ-કાશ્મીર, કેરળ અને આંધ્રપ્રદેશની પોલીસ ટુકડીઓએ પણ ખભેખભા મિલાવીને માર્ચપાસ્ટ કરી હતી. ગઈઈ કેડેટ્સની માર્ચપાસ્ટ, પોલીસ બેન્ડની દેશભક્તિપૂર્ણ ધૂનો અને BSFની ચુસ્ત ડોગ સ્કવોડે ભારે આકર્ષણ જમાવ્યું હતું. વિશેષ રૂપથી, યુવાધનને નશામુક્તિનો સંદેશ આપવા 'Fight Against Drugs' ની થીમ પર આધારિત નેશનલ મોટરસાઇકલ રેલી પણ યોજાઈ હતી.

ભારત પર્વની ઉજવણી અને વડાપ્રધાનની વિદાય

રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે 'એકતા પ્રકાશ પર્વ' અને 'ભારત પર્વ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશની સાંસ્કૃતિક વિવિધતા ઉજાગર થઈ હતી. વડાપ્રધાને તમામ વિકાસકાર્યો અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. દિવસભરના કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ, રાત્રે ૮:૦૦ વાગ્યે વડાપ્રધાન એકતાનગરથી વડોદરા એરપોર્ટ જવા રવાના થયા હતા અને ત્યાંથી રાત્રે ૯:૧૦ વાગ્યે દિલ્હી જવા પ્રસ્થાન કર્યું હતું.

ગંગા જળ સંધિને લઈને વધ્યો વિવાદઃ નેશનલ સિટિઝન પાર્ટીના નેતા નાહિદ ઈસ્લામે ભારત સાથેના સંબંધો અંગે પણ સવાલ ઉઠાવ્યા

બાંગ્લાદેશમાં ફરી ભારત વિરુદ્ધ આક્રમક વલણ

નવી દિલ્હી, તા.૩૧

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં સરકાર વિરુદ્ધ હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા. મોંઘવારી, બેરોજગારી, વીજળી અને ગેસની અછત સામે યોજાયેલા આ પ્રદર્શનમાં 'ના દિલ્હી, ના ઢાકા'ના નારા પણ લગાવવામાં આવ્યા હતા. નેશનલ સિટિઝન પાર્ટીના નેતા નાહિદ ઈસ્લામે વડાપ્રધાન તારિક રહેમાનની સરકાર પર નિશાન સાધતા ગૃહમંત્રી અને ઊર્જામંત્રીના રાજીનામાની માંગ કરી હતી.

નાહિદ ઈસ્લામે ભારત સાથેના સંબંધો અંગે પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર સરહદ પરની હત્યાઓ, પહાડી વિસ્તારોમાં અશાંતિ અને આસામ તથા પશ્ચિમ બંગાળમાં મુસ્લિમોના કથિત ઉત્પીડન જેવા મુદ્દાઓ ઉકેલવામાં નિષ્ફળ રહી છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ૩૦ વર્ષ જૂની ગંગા જળ વહેંચણી સંધિ આ વર્ષે ડિસેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે. નાહિદ ઈસ્લામે ચેતવણી આપી છે કે સંધિનું યોગ્ય શરતો સાથે



નવીનીકરણ નહીં થાય તો લોકો ફરી રસ્તા પર ઉતરશે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશ પોતાના હિસ્સાનું એક ટીપું પાણી પણ જતું નહીં કરે.

આ સંધિ હેઠળ દર વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૧ મે દરમિયાન પાણીની અછતની મોસમમાં ફરક્કા બેરેજમાંથી ગંગાનું પાણી બંને દેશો વચ્ચે વહેંચવામાં આવે છે. બાંગ્લાદેશમાં ગંગાને પદ્મા તરીકે ઓળખવામાં આવે છે અને દેશની લગભગ એક તૃતીયાંશ વસ્તી આ નદી પર નિર્ભર છે. ઢાકાના શાહબાગ વિસ્તારમાં યોજાયેલી સભામાં નાહિદે દેશમાં નવી તાનાશાહી ઊભી થઈ રહી હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે વધતી મોંઘવારી, લૂંટફાટ, વીજળી-ગેસની અછત અને કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ માટે સરકારને જવાબદાર ઠેરવી હતી.

તેમણે ગૃહમંત્રી સલાહુદ્દીન અહમદ અને ઊર્જામંત્રી ઇકબાલ હસન મહમૂદના રાજીનામાની માગ કરી હતી. જો બંને મંત્રીઓ રાજીનામું નહીં આપે તો દેશભરમાં રેલીઓ યોજીને વડાપ્રધાન તારિક રહેમાન સુધી વિરોધ પહોંચાડવાની ચીમકી પણ આપી હતી. નાહિદે વડાપ્રધાન પર ભ્રષ્ટાચાર, લૂંટફાટ અને ખંડણીની વ્યવસ્થા સ્થાપિત કરવાના ઇરાદા સાથે લંડનથી ઢાકા આવ્યાનો આરોપ પણ લગાવ્યો હતો.

NVS-03 નેવિગેશન સેટેલાઈટનું સફળ લોન્ચિંગ

નેવિગેશન સેવાઓને વધુ સચોટ બનાવવામાં બનશે મદદરૂપ

નવી દિલ્હાહી, તા.૩૧

ભારતીય અંતરિક્ષ ક્ષેત્રે ઇસરોએ વધુ એક મોટી સફળતા મેળવી છે. શુક્રવારે રાત્રે શ્રીહરિકોટાથી GSLV-F18 રોકેટની મદદથી ૨,૨૩૨ કિલોગ્રામ વજનનો ગટજ-૦૩ નેવિગેશન સેટેલાઇટ લોન્ચ કરવામાં આવ્યો. આ મિશનથી ભારતની સ્વદેશી NavIC સિસ્ટમને મજબૂતી મળશે. સ્વદેશી એટોમિક ક્લોક અને ક્ષ સિગ્નલ સહિતની આધુનિક ટેક્નોલોજી ધરાવતો આ સેટેલાઇટ દેશની નેવિગેશન સેવાઓને વધુ સચોટ અને વિશ્વસનીય બનાવવામાં મદદરૂપ બનશે. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા-ઈસરોએ અંતરિક્ષ ક્ષેત્રે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. શુક્રવારે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી ભારતનો આગામી પેઢીનો નેવિગેશન સેટેલાઈટ NVS-03 સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે. ૨,૨૩૨ કિલોગ્રામ વજન ધરાવતા આ સેટેલાઈટને ૪૨૦ ટન વજનના અને ૫૦ મીટર ઊંચા GSLV-F18 રોકેટની મદદથી અંતરિક્ષમાં મોકલવામાં આવ્યો છે. રોકેટના ૩ તબક્કાની મદદથી આ સેટેલાઈટને પૃથ્વીની 'જીઓસ્ટેશનરી ટ્રાન્સફર ઓર્બિટ' (Geostationary Transfer Orbit) માં સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જે દેશની નેવિગેશન સિસ્ટમને વધુ મજબૂત અને સચોટ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પોલીસ ફરિયાદ કરી છે તો છરી મારીને આંતરડા કાઢી નાખીશ તેવી ધમકી આપીને સાડા ત્રણ લાખની ઉધારીના મામલે

વેપારીનું અપહરણ કરી ૬ શખ્સનો હુમલો

ઓડી કાર ગીરવે મૂકવા મુદ્દે છ શખ્સોનો આતંક : કારમાં બેસાડીને વેપારી અને તેના મિત્રને ઘંટેશ્વર લઈ જઈ ધોકાવ્યા

રાજકોટ, તા.૩૧

રાજકોટના નવા થોરાળા વિસ્તારમાં માત્ર ૩.૫૦ લાખ રૂપિયાની લેવડદેવડ અને ગીરવે મુકેલી ઓડી કાર પરત ન મળવાના મામલે એક વેપારી અને તેના મિત્રનું અપહરણ કરીને તેઓને બેરહેમીથી માર મારવામાં આવ્યો છે. ૮૦ ફૂટ રોડ પર બાબા પાનની દુકાન ચલાવતા ૩૧ વર્ષીય કિશનભાઈ શૈલેશભાઈ કક્કડે આરોપી દેવભાઈ જોષી અને પાંચ અજાણ્યા શખ્સો વિરુદ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં અપહરણ, મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકી અંગેની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી કિશનભાઈના જણાવ્યા મુજબ, તેમના સગા દિવ્યેશ ઠક્કર અને આરોપી દેવ જોષીએ એકાદ મહિના પહેલા કિશનભાઈના મિત્ર જતીન કાલેરીયા પાસેથી ૩.૫૦ લાખ રૂપિયા ઉછીના લીધા હતા અને તેની સામે ઓડી ક્યુ ૩ ફોરવ્હીલ કાર (ગ્રુ-૦૩-ઈજ-૯૪૯૫) ગીરવે મૂકી હતી. જોકે, આજથી આઠેક દિવસ પહેલા દિવ્યેશ ઠક્કરે થોડીવાર માટે કામ હોવાનું બહાનું કાઢીને જતીનભાઈ પાસેથી ઓડી કાર પરત મેળવી લીધી હતી. ત્યારબાદ દિવ્યેશએ ન તો રૂપિયા પરત કર્યા કે ન તો કાર પાછી આપી, અને તેઓ ફોન પણ નહોતા ઉપાડતા. આ બાબતને લઈને આરોપી દેવ જોષી કાર પરત મેળવવા માટે જતીનભાઈ પર દબાણ કરી રહ્યો હતો.

૨૮ ઓક્ટોબરની રાત્રે આશરે ૧૦ વાગ્યે જતીનભાઈ કાલેરીયા આ બાબતે કિશન કક્કડની પાનની દુકાને રજૂઆત કરવા ગયા હતા. કિશનભાઈએ મધ્યસ્થી કરવા માટે દેવ જોષીને દુકાને બોલાવ્યો હતો. રાત્રે ૧૦:૪૫ વાગ્યાની આસપાસ દેવભાઈ જોષી અન્ય બે અજાણ્યા શખ્સો સાથે બલેનો કાર લઈને ત્યાં પહોંચ્યો હતો. વાતચીત દરમિયાન ઉશ્કેરાયેલા દેવ અને તેના સાગરીતોએ ધમકી આપીને કિશનભાઈ અને જતીનભાઈને બળજબરીથી બલેનો કારમાં બેસાડી દીધા હતા.



આરોપીઓ બંનેને સરકારી હોસ્પિટલ ચોક અને માધાપર ચોકડી થઈને ઘંટેશ્વર બાજુ એક અવાવરૂ જગ્યાએ આવેલી પાનની કેબીન પાસે લઈ ગયા હતા. ત્યાં પહેલેથી જ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો હાજર હતા. આરોપીઓએ દિવ્યેશભાઈને ફોન કરી બોલાવવા અથવા ઓડી કાર મંગાવી આપવા દબાણ કર્યું હતું. જ્યારે કિશનભાઈએ કહ્યું કે દિવ્યેશ ફોન નથી ઉપાડતો, ત્યારે ઉશ્કેરાયેલા દેવ અને પાંચેય અજાણ્યા શખ્સોએ કિશનભાઈ અને જતીનભાઈને મા-બેન સામેની ગાળો ભાંડી, લાકડાના ધોકા અને પાઇપ વડે બેરહેમીથી માર માર્યો હતો.

મારપીટ દરમિયાન કિશનભાઈની પત્ની ખુશ્બુબેનનો ફોન આવતાં દેવએ ફોન સ્પીકર પર રાખીને કિશનભાઈને એમ કહેવા દબાણ કર્યું કે તેઓ નાસ્તો કરવા આવ્યા છે. જોકે, કિશનભાઈની રડતી અવાજ સાંભળીને પત્નીને શંકા ગઈ હતી અને લોકેશન માંગી પોલીસમાં જવાની ચીમકી આપી હતી. આ સાંભળીને આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા અને તેમને વધુ માર માર્યો હતો. રાત્રે ૩:૦૦ વાગ્યાની આસપાસ દિવ્યેશનો ફોન દેવ પર આવ્યો હતો અને તેણે સવારે ગાડી પરત આપવાની ખાતરી આપતા આરોપીઓએ કિશનભાઈ અને જતીનભાઈને છોડ્યા હતા. ઘરે ઉતારતી વખતે આરોપી દેવ જોષીએ ધમકી આપી હતી કે જો પોલીસ ફરિયાદ કરી છે તો છરી મારીને આંતરડા કાઢી નાખીશ અને જાનથી મારી નાખીશ.

આ ઘટના બાદ ભયભીત કિશનભાઈએ સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને ડરના કારણે દુકાન પણ ખોલી ન હતી. અંતે પરિવારજનો અને મિત્ર જીવણસિંહ વાઢેરની હિંમતથી થોરાળા પોલીસ સ્ટેશનમાં દેવ જોષી અને પાંચ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની વધુ તપાસ પીએસઆઈ તીર્થરાજસિંહ જાડેજાએ હાથમાં લઈને છએ હુમલાખોરોને દબોચવા શોધખોળ આદરી છે.

આઈસરમાં મગફળીની બોરીની આડમાં લઈ અવાતો હતો નશાનો સામાન પણ બાતમી કામ કરી ગઈ

બામણબોર નજીકથી ૨૨ કિલો ગાંજા સાથે ગોંડલના ત્રણ ઝડપાયા

૧૦.૯૪ લાખના ૨૧.૮૯૨ કિલો ગાંજા સહીત ૨૭.૭૨ લાખનો મુદ્દામાલ કબજે : ૨ ની શોધખોળ



રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે દિવાળીના તહેવારો પહેલા યુવાધનને બરબાદ કરતા નશાના કારોબાર પર મોટી કાર્યવાહી કરી છે. રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ''SAY NO TO DRUGS'' મિશન અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે લાખો રૂપિયાના ગાંજાના જથ્થા સાથે ગોંડલના ૩ શખ્સોની ધરપકડ કરી છે અને ૨૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ કેસમાં અન્ય બે આરોપીઓ ફરાર હોવાથી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.એ.એસ.ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે તેમને ખાનગી બાતમી મળી હતી. બાતમીના આધારે અમદાવાદ હાઈવે પર બામણબોર ગામ તરફ જવાના રસ્તે એરપોર્ટ પોલીસ સ્ટેશનની ચેકપોસ્ટ સામે જાહેર રોડ પર જીજે ૦૬ એ.વી.૩૦૦૦ નંબરના એક શંકાસ્પદ આઈસર ને અટકાવાયું હતું. પોલીસે ટ્રકની તલાશી લેતા અંદરથી મગફળી અને સીંગદાણા ભરેલી ૨૬૭ બોરીઓની આડમાં છુપાવેલો માદક પદાર્થ ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૧૦,૯૪,૬૦૦ના ૨૧.૮૯૨ કિલોગ્રામ ગાંજો, ૭ લાખનું આઈસર વાહન, ૯ લાખથી વધુની કિંમતના મગફળી/સીંગદાણા, ૩ મોબાઈલ ફોન અને ૧ હજાર રૂપિયા રોકડા સહિત . ૨૭,૭૨,૭૬૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ક્રાઈમ બ્રાન્ચે ગોંડલના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં ફરીદ મેરાજ બ્લોચ (બરકતી પરા,ગોંડલ), મહેબુબ આદમ દોઢીયા(વોરા કોટડા રોડ)અને હસમુખ શાંતિ અગ્રાવત (રૈયાણીનગર) નો સમાવેશ થાય છે. ત્રણેય આરોપીઓ વ્યવસાયે ડ્રાઈવિંગનું કામ કરે છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં અન્ય બે આરોપીઓના નામ પણ ખુલ્યા છે. ફરાર થયેલા આરોપીઓમાં ગોંડલના રહેવાસી જાવિદ મકરાણી અને સલમાન બ્લોચને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ., પી.એસ.આઈ. સહિત કોન્સ્ટેબલ સુધીની આખી ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. દિવાળીના તહેવારમાં નશાના વેપલાને ડામવા માટે પોલીસની આ કડક કાર્યવાહીથી ડ્રગ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ત્રણ બનાવોમાં મહિલા સહિત ૩ના મોત

મામાના ઘરે આવેલી પરિણીતાનું ઝેરી દવા પીવાથી મોત, ટ્રકમાંથી યુવાનની લાશ મળી, બેકરી સામે આધેડ બેભાન હાલતમાં ઢળી પડ્યા

રાજકોટ, તા.૩૧

શહેરમાં આજે અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩ વ્યક્તિઓના મોત નિપજ્યા હોવાના બનાવો સામે આવ્યા છે. પહેલો બનાવ આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો છે જેમાં કાથરોટા ગામે મામાના ઘરે આવેલી અને ગઢકા ગામની રહેવાસી ૨૪ વર્ષીય કિંજલબેન વિજયભાઈ ધોડકીયા ઉર્ફે જાનકી ભરતભાઈ મેઘાણીએ આજે સવારે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી. તેમને પ્રથમ સારવાર માટે સરધાર ખાતેની સોમનાથ હોસ્પિટલમાં ખસેડાયા હતા અને ત્યારબાદ તબિયત વધુ લથડતા મવડી વિસ્તારની રીધમ હોસ્પિટલનામાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં આજે બપોરે ચાલુ સારવાર દરમિયાન ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એ.એચ. ગોહિલ ચલાવી રહ્યા છે.

બીજો બનાવ એરપોર્ટ પોલીસ સ્ટેશન હદમાં રાજકોટ-અમદાવાદ હાઈવે પર ગુંદાળાના પાટિયા સામે આવેલી ગોપાલ હોટલ પાસેથી ઉભેલા એક ટ્રકના પાછળના ભાગમાંથી ૩૫ વર્ષીય બાબુભાઈ અરજણભાઈ દલવાળી નામના યુવાનની લાશ મળી આવી છે. ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી હિરલબેન દ્વારા બપોરે તેમને મૃત જાહેર કરાયા હતા. આ સમયે મૃતકના ભાઈ દિનેશભાઈ દલવાડિયા પણ હાજર હતા. આ બનાવની તપાસ એએસઆઈ પ્રવીણ સિંહ ઝાલા કરી રહ્યા છે.



જ્યારે ત્રીજો બનાવ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનની હદમાંરાજકોટના સદર બજારમાં વિનોદ બેકરી સામે આવેલી શ્રદ્ધા નામની દુકાનના ઓટા પર એક ૪૫ વર્ષીય અજાણ્યા પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. માલિયાચોક જનરક્ષક ૧૧૨ના ઈન્ચાર્જ એએસઆઈ એમ.એ.આરબની જાણ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સના ડો. સંજનાબેન પરમારે બપોરે તેમને મૃત જાહેર કર્યા હતા. અજાણ્યા પુરુષની ઓળખ મેળવવા અને મોતનું કારણ જાણવા હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ વી. મહિડા વધુ તપાસ હાથ ધરી છે.

રહસ્યમય સંજોગોમાં એક મહિલા-બે વિદ્યાર્થીઓ લાપતા

રાજકોટ રેલનગરથી ધોરણ ૧૨ની વિદ્યાર્થિની, મનહરપુરમાંથી ૨૦ વર્ષીય યુવાન અને અંકુરનગરમાંથી ૪૩ વર્ષીય પરિણીતા ગુમ થતાં પરિવારોમાં ચિંતા

રાજકોટ, તા.૩૧

શહેરના વિવિધ વિસ્તારોમાંથી ત્રણ અલગ-અલગ વ્યક્તિઓ અચાનક ગુમ થવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. પ્રદ્યુમનનગર, ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) અને માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગતો મુજબ, એક કિશોરી, એક યુવાન અને એક પરિણીત મહિલા પોતાના ઘરેથી અગમ્ય કારણોસર લાપતા થયા છે, જેને પગલે પોલીસે સઘન શોધખોળ હાથ ધરી છે.

પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રેલનગર ખાતે છત્રપતિ ટાઉનશીપમાં રહેતી ૧૮ વર્ષીય મંશા વિજયભાઈ ભારાણી પોતાના ઘરેથી કોઈ કારણસર નીકળી ગયા બાદ પરત ફરી નથી. ધોરણ ૧૨માં અભ્યાસ કરતી મંશાએ સફેદ શર્ટ અને બ્લુ જીન્સ પહેરેલું છે તથા ડાબા હાથ પર લાખનું નિશાન ધરાવે છે. તેની માતા શ્રદ્ધાબેન વિજયભાઈ ભારાણીએ ગુમ થયાની નોંધ કરાવતા જંક્શન ચોકીના એએસઈ મુળજીભાઈ અરજણભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે. ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન હદમાં મનહરપુર-૧ ખાતે બન્યો છે. દ્વારકાધીશ પેટ્રોલ પંપની સામે રહેતો ૨૦ વર્ષીય રવિરાજ પ્રવિણભાઈ ગોહિલ તા. ૩૦ના રોજ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી અચાનક ક્યાંક ચાલ્યો ગયો છે. તેના પિતા પ્રવિણભાઈ ભલાભાઈ ગોહિલની જાણના આધારે એએસઆઈ વીરેન્દ્રસિંહ ઝાલાએ તપાસ હાથ ધરી છે. જયારે ત્રીજી ઘટના માલવિયાનગર પોલીસ મથક વિસ્તારમાં બની છે, જેમાં અંકુરનગર મેઈન રોડ પર ભોલેનાથ સોસાયટી શેરી નં.૧ માં રહેતા ૪૩ વર્ષીય નેહલબેન અશોકભાઈ સરવૈયા લાપતા થયા છે. નેહલબેન તા.૩૦ના રોજ સવારે ૭-૪૫ વાગ્યાની આસપાસ મધર ટેરેસા સ્કૂલ નં. ૮૮, જે-માડી હોટેલ સામેના વિસ્તારમાંથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા છે. આછા લીલા રંગનો ડ્રેસ પહેરેલા નેહલબેન પરત ન ફરતા તેમના ડ્રાઈવર પતિ અશોકભાઈ રણછોડભાઈ સરવૈયાએ ગુમ નોંધ કરાવતા એએસઆઈ એચ. ટી. પરમાર દ્વારા આગળની તપાસ હાથ ધરાઈ છે.



થોરાળામાં માતા-પુત્ર સહિત ૩ ઉપર હુમલો

અગાઉના ઝઘડાનો ખાર રાખી છરી સાથે ૪ શખ્સોની બબાલ : હુમલાખોરોએ અટકાવતા ડેલીમાં પાટા મારી મચાવ્યો આતંક

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરના નવા થોરાળા વિસ્તારમાં અગાઉ થયેલી માથાકૂટનો ખાર રાખીને ૪ શખ્સોએ મોડી રાત્રે એક પરિવાર પર છરી, ઈંટો અને ઢીકા પાટુ વડે જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ થોરાળા પોલીસ મથકે નોંધાયો છે. આ ઘટનામાં એક વૃદ્ધા, તેમના પુત્ર અને પૌત્રને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પોલીસે ૪ શખ્સો વિરુદ્ધ બી.એન.એસ. અને હથિયારબંધી જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં નોંધાયેલી વિગત મુજબ, નવા થોરાળાના અવધ પાર્ક શેરી નં-૪ માં રહેતા અને મજૂરીકામ કરતા ૪૭ વર્ષીય મુકેશભાઇ જેન્તીભાઈ ચાવડા પોતાના પરિવાર સાથે રહે છે. ગત ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ મુકેશભાઈ, તેમના ૧૭ વર્ષીય પુત્ર હાર્દિક, માતા રામુબેન અને ભાઈ મહેશભાઈ તેમના ઘરની બાજુમાં બેઠા હતા. તે જ સમયે ચિરાગ ઉર્ફે ભુરો મકવાણા નામનો શખ્સ હાથમાં છરી લઈને ત્યાં ધસી આવ્યો હતો અને ગાળાગાળી કરી મુકેશભાઈના ઘરની ડેલીમાં પાટા મારવા લાગ્યો હતો.



મુકેશભાઈએ તેને અટકાવી કારણ પૂછતાં ચિરાગે જણાવ્યું હતું કે, મુકેશભાઈનો પુત્ર જયેશ અગાઉ તેની સાથે માથાકૂટ કરીને ભાગી ગયો છે, તેથી તેને જયેશનું કામ છે. મુકેશભાઈએ જયેશ ઘરે હાજર ન હોવાનું જણાવી ચિરાગને જતા રહેવા કહ્યું હતું. આ વાતથી ઉશ્કેરાયેલા ચિરાગે તેના મિત્રો ભોલુ મકવાણા, રીહાંસ મકવાણા અને નિખીલ ચાવડાને ત્યાં બોલાવી લીધા હતા. આ ચારેય શખ્સોએ ભેગા મળીને બેફામ ગાળો બોલી, મુકેશભાઈની માતા રામુબેન, પુત્ર હાર્દિક અને ભાઈ મહેશભાઈ પર ઢીકા પાટુનો હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ બાજુમાં પડેલી ઈંટોના ઘા કરતા રામુબેનને વાંસાના ભાગે અને જમણા કાન પર ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે કાનમાંથી લોહી વહેવા લાગ્યું હતું.

આ ઉપરાંત મહેશભાઈને માથા અને કાનના ભાગે તેમજ હાર્દિકને વાંસા અને છાતીના ભાગે મુંઢમાર વાગ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં રામુબેનને કાનના ભાગે ગંભીર ઈજા હોવાથી દસ ટાંકા આવ્યા હતા અને હાલ તેમની સારવાર ચાલી રહી છે. ભાઈ અને પુત્રએ ઓ.પી.ડી.માં સારવાર લીધી હતી. માતાની સારવારમાં રોકાયેલા હોવાથી મુકેશભાઈએ સમય મળતા ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ થોરાળા પોલીસ સ્ટેશનમાં ચિરાગ ઉર્ફે ભુરો મકવાણા, ભોલુ મકવાણા, રીહાંસ મકવાણા અને નિખીલ ચાવડા (તમામ રહે. નવા થોરાળા, રાજકોટ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. આ બનાવની વધુ તપાસ થોરાળા પોલીસના એએસઆઈ વનિતાબેન બોરીચાએ હાથ ધરી ચારેયની ધરપકડ કરવા કવાયત આદરી છે.

'હવે આ બાજુ દડો આવ્યો તો તારા છોકરાને જાનથી મારી નાખીશ' કહીને મહિલાના ખભાના ભાગે આડેધડ પાટા મારી ફ્રેક્ચર કરી નાખ્યું

ફૂટબોલ રમવા જેવી નજીવી બાબતે પાડોશીઓ બાખડ્યા

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરના ગવલીવાડ શેરી નં-૧૨ માં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા અલ્તાફ દાઉદભાઇ દલવાણીના પત્ની શહેનાઝબેન પર આ હુમલો થયો હતો. ગત ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાત્રે સાડા આઠથી નવ વાગ્યાના સુમારે અલ્તાફભાઈનો પુત્ર અલી અને તેનો મિત્ર ઘરની સામે આવેલા ચોકમાં ફૂટબોલ રમી રહ્યા હતા. રમતા-રમતા દડો પાડોશમાં રહેતા હાજરાબેનના ઘર પાસે, જ્યાં તેઓ ઘોડા બાંધે છે ત્યાં જતો રહ્યો હતો. આ વાતથી નારાજ થઈને હાજરાબેને અલીને ખીજાઈને કહ્યું હતું કે, ''હવેથી દડો આ બાજુ આવવો જોઈએ નહીં''. અલીએ દડો નહીં આવે તેમ કહીને ઘરે જઈ માતા શહેનાઝબેનને વાત કરી હતી.

પુત્રની વાત સાંભળીને શહેનાઝબેન હાજરાબેનને સમજાવવા ગયા હતા અને કહ્યું હતું કે, ''છોકરાઓ દડે રમે તો શું થઈ ગયું, જો દડો તમારા બાજુ આવે તો દઈ દેવાનો હોય, એમાં ખીજવાવાનું ના હોય''. આ વાત સાંભળતા જ હાજરાબેન એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ભુંડી ગાળો બોલવા લાગ્યા હતા. તેમનો દીકરો સાહિલ પણ ત્યાં ધસી આવ્યો હતો અને શહેનાઝબેનને ધમકી આપતા કહ્યું હતું કે, ''હવે આ બાજુ દડો આવ્યો તો તારા છોકરાને જાનથી મારી નાખીશ''. એટલું જ નહીં, સાહિલે ચોકમાં પડેલી એક સી.એન.જી રીક્ષાનો પોલ પકડીને શહેનાઝબેનના ખભાના ભાગે આડેધડ પાટા મારવાનું શરૂ કરી દીધું હતું. આ હુમલાથી શહેનાઝબેન નીચે પડી ગયા હતા. ત્યારબાદ હાજરાબેનનો બીજો દીકરો રાહીલ પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણે પણ ગાળો ભાંડી બોલાચાલી કરી હતી. શહેનાઝબેનને જમણા ખભાના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. નોકરી પરથી પુત્રનો ફોન આવતાં અલ્તાફભાઈ સીધા હોસ્પિટલ પહોંચ્યા હતા જ્યાં તેમને સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. પત્નીની તબિયત સુધરતા અલ્તાફભાઈએ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ કે.કે. ચાવડાએ આગળ ધપાવી હુમલાખોરોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

લોહપુરુષને શ્રદ્ધાંજલિ આપવા રાજકોટવાસીઓ રાષ્ટ્રીય એકતાના રંગે રંગાયા

અખંડ ભારતના શિલ્પીને ભવ્ય અંજલિ

રાજકોટમાં ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય 'રન ફોર યુનિટી' : 'એક, નેક અને શ્રેષ્ઠ' ભારતના સંકલ્પ સાથે રાષ્ટ્રીય એકતાના રંગે રંગાયા; પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિ





રાજકોટ, તા. ૩૧

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષને શ્રદ્ધાંજલિ આપવા રાજકોટવાસીઓ રાષ્ટ્રીય એકતાના રંગે રંગાયાઃ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ સૌને એકતાના શપથ લેવડાવ્યા, મેયર, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ સહિત વિશાળ જનમેદની દોડમાં જોડાઈ

અખંડ ભારતના શિલ્પી અને દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આજે રાજકોટ શહેરમાં રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિનો ભવ્ય માહોલ સર્જાયો હતો. રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજિત અને પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં 'રન ફોર યુનિટી'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ હેડ ક્વાર્ટરના પરેડ ગ્રાઉન્ડથી પ્રસ્થાન થયેલી આ એકતા દોડ રેસકોર્સ રિંગરોડ પરથી પસાર થઈને પુનઃ હેડ ક્વાર્ટર ખાતે સંપન્ન થઈ હતી. આ દોડમાં મોટી સંખ્યામાં નગરજનો, યુવાનો, એન.સી.સી. કેડેટ્સ અને અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને સમગ્ર શહેરને 'એકતા'નો સબળ સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, સ્વતંત્રતા બાદ દેશના વિવિધ રજવાડાઓ અને વિભિન્ન પ્રાંતોને એક તાંતણે બાંધીને અખંડ ભારતનું નિર્માણ કરવામાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન અદ્વિતીય રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરાવીને લોહપુરુષને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સરદાર સાહેબની જન્મજયંતી માત્ર એક રજા કે પુસ્તકોના પાના પૂરતી સીમિત ન રહે અને આવનારી પેઢીઓ પણ તેમના આ મહાન યોગદાનને સદા સ્મરણમાં રાખે તે માટે વડાપ્રધાનશ્રી દ્વારા 'એકતા દોડ' અને 'એકતા પરેડ' જેવા પ્રેરણાદાયી પ્રોગ્રામોની શરૂઆત કરાવવામાં આવી છે. આ એકતાની દોડ માત્ર એક દિવસીય ઉત્સવ કે ઔપચારિકતા બનીને ન રહી જાય, પરંતુ સમગ્ર દેશને 'એક, નેક અને શ્રેષ્ઠ' બનાવવાના દ્રઢ સંકલ્પનું પ્રતીક બને તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

દોડના પ્રસ્થાન પૂર્વે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો, અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોને રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવવા માટેના વિધિવત શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ પ્રભારી મંત્રી સહિતના મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપીને 'રન ફોર યુનિટી'ને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સમગ્ર દોડ દરમિયાન ભાગ લેનારાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ભવ્ય એકતા દોડમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી ઉપરાંત મેયર ડો. નેહલ શુક્લ, ધારાસભ્યો સર્વેશ્રી ડો. દર્શિતાબહેન શાહ, ઉદયભાઈ કાનગડ અને ભાનુબહેન બાબરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, અગ્રણી માધવ દવે, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટ, તમામ ડી.સી.પી. સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, જવાનો, સરકારી કર્મચારીઓ, એન.સી.સી. કેડેટ્સ, ડી.એલ.એસ.એસ.ના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો જોડાયા હતા.

પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણી

રેસકોર્સ રિંગ રોડ પર બનશે ૨૧૬ અદ્ભુત રંગોળીઓ!

મનપા અને ચિત્રનગરી દ્વારા દીપોત્સવી નિમિત્તે વિશાળ રંગોળી સ્પર્ધાનું આયોજન: ૨ નવેમ્બરથી નિશુલ્ક રજિસ્ટ્રેશન શરૂ, આકર્ષક ઇનામોની વર્ષા



રાજકોટ, તા. ૩૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રકાશ પર્વ દિપોત્સવી નિમિત્તે શહેરના હાર્દસમા રેસકોર્સ રિંગ રોડ ફરતે ભવ્ય રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ - ચિત્રનગરીના સહયોગથી યોજાનારી આ સ્પર્ધા અંગે વિગતો આપતા મેયર ડો. નેહલ શુક્લ, ડે.મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા તથા કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દીપોત્સવી પર્વની ઉજવણીને વધુ આનંદમય અને યાદગાર બનાવવા આગામી તા. ૬ થી ૮ નવેમ્બર દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત તા. ૭ નવેમ્બર, શનિવારના રોજ બપોરે ૪:૦૦ થી રાત્રે ૧૨:૦૦ કલાક સુધી આ ભવ્ય રંગોળી સ્પર્ધા યોજાશે, જેમાં ૧૫ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધા મુખ્યત્વે ત્રણ કેટેગરીમાં યોજાશે, જેમાં ૫ સ ૧૫ ફૂટની ૨૬ ગ્રુપ રંગોળી, ૫ સ ૫ ફૂટની ૧૫૦ વ્યક્તિગત રંગોળી અને ૫ સ ૫ ફૂટની ૪૦ ડેકોરેટિવ રંગોળી મળીને કુલ ૨૧૬ રંગોળીઓનું નિર્માણ કરવામાં આવશે. આ રંગોળીઓ તૈયાર કરવા માટે અંદાજે ૧૪૦૦ કિલો ચિરોડી કલરનો ઉપયોગ કરાશે, જેમાં લાલ, પીળો, કાળો, લીલો, કેસરી, સફેદ, ડાર્ક બ્લૂ અને સ્કીન કલર એમ કુલ ૮ રંગો કોર્પોરેશન દ્વારા પૂરા પાડવામાં આવશે. કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે ગ્રુપ રંગોળીના પ્રથમ ૩ વિજેતાઓને ₹ ૫,૦૦૦/-, વ્યક્તિગત રંગોળીના પ્રથમ ૫ વિજેતાઓને ₹ ૫,૦૦૦/-, ડેકોરેટિવ રંગોળીના પ્રથમ ૫ વિજેતાઓને ₹ ૨,૫૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે, જ્યારે અન્ય ૨૧ કલાકારોને ₹ ૧,૦૦૦/- લેખે આશ્વાસન ઈનામ અપાશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટ તેમજ સ્થળ પર નાસ્તો અને ઠંડા પીણાંની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.

આ સ્પર્ધા માટે સોમવાર, તા. ૨ નવેમ્બરના રોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક રજિસ્ટ્રેશન ચાલુ રહેશે. ભાગ લેવા ઈચ્છુક કલાકારોએ ચિત્રનગરીની વેબસાઈટ પરથી અથવા ચિત્રનગરીની ઓફિસે રૂબરૂ સંપર્ક કરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો સ્પર્ધકોની સંખ્યા નક્કી કરેલ સીમા કરતા વધશે તો કોર્પોરેશનના પ્રતિનિધિની હાજરીમાં ડ્રો સિસ્ટમથી આખરી નામ નક્કી કરાશે. સ્પર્ધકોએ તા. ૭મીએ બપોરે ૩:૪૫ કલાકે પોતપોતાના નિયત કાઉન્ટર પર રિપોર્ટિંગ કરવાનું રહેશે, જે કાઉન્ટર નંબર આગલા દિવસે જાહેર કરાશે. રંગોળી માટે કલર સિવાય ફૂલ કે કઠોળ જેવી સામગ્રી સ્પર્ધક પોતે લાવવાની રહેશે. સ્પર્ધામાં વાદ-વિવાદ ઊભો થાય તેવી થીમ પર રંગોળી બનાવી શકાશે નહીં તેમજ રંગોળીમાં નામ કે સોશિયલ મીડિયા આઈડી લખવા પર મનાઈ રહેશે. પરિણામ દિવાળી પછી જાહેર થશે અને આ અંગે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

દિવાળી કાર્નિવલ ૩૨.૫૧ લાખમાં જામશે

ખર્ચમાં થયો મોટો ઘટાડો! : ગત વર્ષના અંદાજિત ૧.૨૫ કરોડના માતબર ખર્ચ સામે આ વર્ષે માત્ર ૩૨.૫૧ લાખના ટેન્ડર સાથે જ આખો કાર્નિવલ યોજાવાનું આયોજન

રાજકોટ, તા. ૩૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી દિવાળી પર્વને લઈને રેસકોર્સ રીંગ રોડ પર ભવ્ય ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાજકોટવાસીઓ પોતાના જ શહેરમાં ઉત્સવનો ભરપૂર આનંદ માણી શકે અને બહારગામ જવાની જરૂર ન પડે તેવા આકર્ષક આયોજનો કરવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે ગત વર્ષના અંદાજિત રૂ. ૧.૨૫ કરોડના માતબર ખર્ચ સામે આ વર્ષે માત્ર રૂ. ૩૨.૫૧ લાખના ટેન્ડર સાથે જ આખો કાર્નિવલ યોજાવાનો છે, જેના કારણે મનપાની તિજોરી પરનું ભારણ ઘટવાની સાથે કરોડો રૂપિયાની બચત થશે!

આ વર્ષે દિવાળી કાર્નિવલ તારીખ ૫ થી ૮ નવેમ્બર દરમિયાન ધામધૂમથી ઉજવાશે, જેમાં વિવિધ મનોરંજક અને સાંસ્કૃતિક કાર્યક્રમો જોવા મળશે. તારીખ ૬ થી ૮ નવેમ્બર એમ ૩ દિવસ રેસકોર્સ રિંગરોડ પર રોશની કરવામાં આવશે. ધનતેરસથી દિવાળી સુધી રાત્રે રેસકોર્સ રીંગ રોડ પર ૪૦ વોટની ૧૦ લેસર લાઈટથી અદભુત માહોલ સર્જાશે, જ્યાં નાગરિકો ૧૦ અલગ-અલગ સ્થળોએ અંદાજે ૧ કલાક સુધી લેસર શોની મોજ માણી શકશે. રોશનીના દિવસો ઘટવાને કારણે વીજળીના વપરાશમાં ૪૦% જેટલી નોંધપાત્ર બચત થશે. આ ઉપરાંત, ધનતેરસના દિવસે (તા. ૬) રેસકોર્સ મેદાનમાં આકાશને રોશનીથી નવડાવતી ભવ્ય આતશબાજી પણ યોજાશે. ઈતિહાસમાં પ્રથમ વખત રેસકોર્સ મેદાનમાં બેન્ડની સંગીતમય સુરાવલી વચ્ચે ભવ્ય 'ફૂડ સ્ટ્રીટ'નું આયોજન કરાયું છે, જેમાં ૫૫ થી વધુ ફૂડ આઉટલેટ્સ ખાણીપીણીના શોખીનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. કલા રસિકો માટે ખાસ રંગોળી સ્પર્ધા રાખવામાં આવી છે જેમાં ચિત્રનગરીના સહયોગથી કુલ ૧૩૭૫ કિલો ચિરોડી કલર વપરાશે. આ સ્પર્ધામાં ૧૩ વિજેતાઓ અને ૨૧ આશ્વાસન ઈનામો આપવામાં આવશે, તેમજ સ્પર્ધકો અને વોલેન્ટિયર્સ મળીને અંદાજે ૪૦૦ લોકો માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરાઈ છે.



સાંસ્કૃતિક પરેડમાં દેશભક્તિ અને સંસ્કૃતિને ઉજાગર કરતા ૧૪ થી ૨૦ ફૂટ ઊંચા ૬ ટેબ્લો, વિવિધ વેશભૂષા ધરાવતા ૩૦ જેટલા કાર્ટૂન કેરેક્ટર્સ અને ખાસ મુવિંગ પર્ફોર્મન્સ આપતી ૩ મંડળીઓ (ગુજરાતી રાસ મંડળી, રાજસ્થાની કચ્છી ઘોડી સાથે ઘુમ્મર રાસ અને પંજાબી ભાંગડા નૃત્ય) લોકોના મન મોહી લેશે. રાજકોટ મહાપાલિકાએ આ વર્ષે નાણાકીય શિસ્તના ઉત્તમ ઉદાહરણરૂપ આયોજન કર્યું છે, જેમાં ગત વર્ષે થયેલા રૂ. ૧.૨૫ કરોડના ખર્ચની સરખામણીમાં માત્ર રૂ. ૩૨.૫૧ લાખમાં જ આયોજન પાર પાડવામાં આવી રહ્યું છે. રોશનીના દિવસો ૫ થી ઘટાડીને ૩ કરવાથી વીજળી અને રેટ કોન્ટ્રાક્ટના ખર્ચમાં અડધાથી વધુ રકમની સીધી બચત થવા પામી છે. મનપાની આ સુઝબૂઝથી રાજકોટના નાગરિકોને બજેટ ફ્રેન્ડલી અને અદભુત મનોરંજન પૂરું પાડવામાં આવશે.

સૌરાષ્ટ્ર-કચ્છના ૬૨૧૮ શિક્ષકો આપશે HTAT કસોટી

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ૧૯૧ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે : ચોરી અટકાવવા કડક સુરક્ષા અને CCTVનું નિરીક્ષણ

રાજકોટ, તા. ૩૧

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક બનવા માટે સ્વપ્ન સેવતા ઉમેદવારો માટે આવતીકાલનો રવિવાર અત્યંત મહત્ત્વનો સાબિત થવાનો છે કારણ કે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આવતીકાલે રાજ્યભરમાં એચટીએટીની પરીક્ષાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કસોટી રાજ્યના ચાર મુખ્ય કેન્દ્રો એટલે કે રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરત ખાતે યોજાનાર છે, જેમાં સરકારી શાળાઓમાં ફરજ બજાવતા કુલ ૩૭,૪૧૪ જેટલા શિક્ષક ઉમેદવારો પોતાના જ્ઞાનની કસોટી કરશે.

આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં કુલ ૧૯૧ કેન્દ્રોના ૧૮૭૨ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં ઉમેદવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકશે. આ મહત્ત્વપૂર્ણ પરીક્ષા માટે રાજકોટ ખાતે વિશેષ કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે જ્યાં સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ જિલ્લાઓમાંથી આવેલા કુલ ૬,૨૧૮ શિક્ષકો આ પરીક્ષા આપવાના છે. રાજકોટમાં પરીક્ષાનું વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સીસીટીવી કેમેરાથી સજ્જ એવા કુલ ૩૨ કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

એટલું જ નહીં, રાજકોટના આ તમામ ૩૨ કેન્દ્રો પર ખાસ ઓબ્ઝર્વર સ્ટેન્ડ ટુ રહેશે જેથી પરીક્ષાની પવિત્રતા અને પારદર્શિતા અક્ષુણ્ણ રહે. પરીક્ષાના સમય અને પદ્ધતિની વાત કરવામાં આવે તો, આ કસોટી આવતીકાલે બપોરના ૧૨ થી ૨:૧૫ કલાક દરમિયાન ઓએમઆર પદ્ધતિથી લેવામાં આવશે. ગુજરાતી માધ્યમમાં લેવાનાર આ પરીક્ષા આપવા માટે શિક્ષક ઉમેદવારોને કુલ ૧૩૫ મિનિટનો સમય આપવામાં આવ્યો છે. ખાસ રાહતની વાત એ છે કે આ પરીક્ષામાં ઉમેદવારો માટે કોઈ નેગેટિવ માર્કિંગ સિસ્ટમ રાખવામાં આવી નથી, જેના કારણે શિક્ષકો કોઈપણ પ્રકારના ડર વગર તમામ પ્રશ્નોના ઉત્તર આપી શકશે. પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું ખૂબ વ્યાપક રાખવામાં આવ્યું છે જેમાં વિભાગ-૧ માં ૫૦ અને વિભાગ-૨ માં ૧૦૦ મળીને કુલ ૧૫૦ ગુણના ૧૫૦ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે.

આ પ્રશ્નપત્રોમાં ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, બંધારણની જોગવાઈઓ, સામાન્ય જ્ઞાન પદ્ધતિ, પેન્શન અને રજાના નિયમો સહિતના કુલ ૨૪ જેટલા વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે, જે ઉમેદવારોની વહીવટી અને શૈક્ષણિક ક્ષમતાની આકરી પરીક્ષા કરશે. પરીક્ષામાં ચોરી અને ગેરરીતિના બનાવોને નેસ્તનાબૂદ કરવા માટે તંત્ર દ્વારા અત્યારથી જ ખાસ પ્રબંધો અને આગોતરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ કસોટીના પેપરો આજે બપોરના સુમારે રાજકોટ ખાતે સુરક્ષિત રીતે આવી પહોંચ્યા હતા, જેને તાત્કાલિક અસરથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સુરક્ષિત સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે, જેથી પરીક્ષાના આયોજનમાં કોઈ છટકબારી ન રહે અને સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ રીતે સંપન્ન થાય.

૧ જાન્યુઆરી ૨૦૨૭ની લાયકાતને આધારે તંત્ર સજ્જ

મતદાર યાદી સુધારણા અભિયાનનો ધમધમાટ

ચૂંટણી અધિકારીઓની બદલીઓ પર રાજ્ય ચૂંટણી પંચની રોક : ૨૭ નવેમ્બરથી રાજકોટ સહિત રાજ્યભરમાં ૨૦૨૭ની યાદી માટે કવાયત શરૂ



રાજકોટ, તા. ૩૧

લોકશાહીના મહાપર્વમાં દરેક નાગરિકની ભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીને વધુ પારદર્શક અને અદ્યતન બનાવવાની કવાયત તેજ કરવામાં આવી છે. ચાલુ માસ દરમિયાન સળંગ ત્રણ રવિવાર સુધી હાથ ધરાયેલી ખાસ ઝુંબેશની ભવ્ય સફળતા બાદ હવે તંત્ર દ્વારા વધુ એક વ્યાપક અને આયોજનબદ્ધ મહાઅભિયાનની જાહેરાત કરવામાં આવી છે. આગામી ૨૭ નવેમ્બરથી ૨૬ ડિસેમ્બર સુધીના એક માસના સમયગાળા દરમિયાન રાજકોટ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં મતદાર યાદી સુધારણાનો વિશેષ કાર્યક્રમ યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અંગેનું સત્તાવાર ટાઈમટેબલ જાહેર કરી દેવામાં આવ્યું છે, જે મુજબ સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર આ કામગીરી માટે સજ્જ બન્યું છે.

આ એક માસ દરમિયાન મતદાર યાદી સંબંધિત તમામ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં ખાસ કરીને ૧ જાન્યુઆરી ૨૦૨૭ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા નવા યુવા મતદારો પોતાના નામ ઉમેરાવી શકશે. આ ઉપરાંત અવસાન પામેલા કે સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામ કમી કરવા, તેમજ નામ, અટક, ઉંમર કે સરનામા જેવી વિગતોમાં ભૂલો હોય તો તેમાં જરૂરી સુધારા-વધારા કરવાની તક પણ નાગરિકોને મળશે. કમિશનના આદેશ મુજબ આગામી ૨૭ નવેમ્બરના રોજ મતદાર યાદીના પ્રાથમિક મુસદ્દાની જાહેરાત કરાશે, જેના પર વાંધા-અરજીઓ મેળવ્યા બાદ તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને ૧૮ જાન્યુઆરીના રોજ સુધારેલી આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

મતદાર યાદી સુધારણાની આ વ્યાપક ઝુંબેશ નિર્વિઘ્ને અને ક્ષતિરહિત પૂર્ણ થાય તે માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વહીવટી સ્તરે અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ચૂંટણી પ્રક્રિયા સાથે સીધા જોડાયેલા તમામ જવાબદારો જેવા કે જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ (ERO) તેમજ મદદનીશ નોંધણી અધિકારીઓ (AERO)ની બદલીઓ પર કમિશન દ્વારા તુરંત અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આ સુધારણા ઝુંબેશ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત અધિકારીઓ પોતાની જગ્યા પર રહીને જ સમગ્ર કામગીરીનું સીધું નિરીક્ષણ કરશે, જેથી કોઈ પણ યોગ્ય નાગરિક મત આપવાના અધિકારથી વંચિત ન રહી જાય.

મેઘરાજની મનમાની!

દુકાળ જેવા માહોલમાં કટાણે માવઠા, આંખે અશ્રુના ઘોડાપૂર



સમગ્ર સૌરાષ્ટ્રમાં આ વર્ષે કુદરત અતિશય રૂઠી ગઈ છે. વરસાદની અનિયમિતતા અને અકુદરતી મિજાજને કારણે ખેડૂતોની સ્થિતિ અત્યંત દયનીય બની છે. સૌરાષ્ટ્રભરમાં દુકાળ જેવો માહોલ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. પાણીની તીવ્ર અછત અને અપૂરતા વરસાદને કારણે મોટાભાગના જળાશયો ખાલીખમ છે.

સ્થિતિ એટલી ગંભીર છે કે સૌરાષ્ટ્રના ૮૨ ડેમોમાંથી ૪૨ ડેમોમાં માત્ર ૧ થી ૨૦ ટકા જ પાણીનો સંગ્રહ બચ્યો છે. પીવાના પાણીની ચિંતાની સાથે સાથે ખેતી માટે તો આ વર્ષ મોટું સંકટ બનીને આવ્યું છે. ઘણાં ખેડૂતોએ માંડ કરીને પોતાના ખેતરોમાં પાક ઉછેર્યો હતો. પરંતુ, કુદરતી પ્રકોપ અહીં અટક્યો નથી. હવે વગર મોસમે એટલે કે કટાણે માવઠાનો દોર શરૂ થયો છે.

મેઘરાજ આ વર્ષે પોતાની મનમાની ચલાવી રહ્યા છે. જ્યારે જરૂર હતી ત્યારે વરસાદ વરસ્યો નહીં અને હવે જ્યારે ખેતરોમાં પાક તૈયાર થઈને લણણી માટે તૈયાર છે, ત્યારે કમોસમી વરસાદે ત્રાટકીને મોટું નુકસાન કર્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક બદલાયેલા વાતાવરણને કારણે ખેડૂતોના તૈયાર પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. કપાસ, મગફળી અને અન્ય શિયાળુ પાક પાણીમાં પલળી ગયા છે. ખેડૂતોના મોંઢે આવેલો કોળિયો આ કુદરતી મારના કારણે છીનવાઈ ગયો છે.

હવામાન વિભાગ દ્વારા હજુ પણ માવઠાના નવા રાઉન્ડની આગાહી કરવામાં આવી છે. આ આગાહી સાંભળીને જ ખેડૂતોના હૈયાં હચમચી ગયા છે. અગાઉ થયેલા નુકસાનમાંથી ખેડૂતો બહાર આવ્યા નથી ત્યાં નવા સંકટે ઘેરી લીધા છે. આ વર્ષ ખેડૂતો માટે ખરેખર ખૂબ જ આકરું અને મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોની આંખમાં અશ્રુના પૂર વહી રહ્યા છે. વર્ષભરની મહેનત નજર સમક્ષ નષ્ટ થતી જોઈને અન્નદાતા લાચાર બન્યા છે. આર્થિક અને માનસિક રીતે ભાંગી પડેલા ખેડૂતો હવે સરકાર વહેલી તકે યોગ્ય સર્વે કરીને પૂરતો આર્થિક સહાય આપે તેવી અપેક્ષા રાખી રહ્યા છે.

માત્ર કૃષિ ક્ષેત્રે જ નહિ, લગભગ દરેક ક્ષેત્રે કપરો સમય બની ગયો છે. પીવાના પાણીથી માંડીને અન્ય પડકારો અટ્ટહાસ્ય કરવા લાગ્યા છે. શાસકો માટે આ કસોટીનો સમય છે. સ્થિતિ એવી બની છે કે, વિશિષ્ટ અને માઈક્રો આયોજન કરવું પડશે. શિયાળાના પ્રારંભે જ આવી સ્થિતિ બની ગઈ હોય તો ઉનાળામાં કેવો માહોલ હશે? આ બાબતની કલ્પના જ થરથરાવી દે છે. પડકારોનો સાથે મળીને સામનો કરવો પડશે. દુષ્કાળ સૌરાષ્ટ્ર માટે નવી વાત નથી, પણ છેલ્લા દોઢ- બે દાયકાથી સારા વર્ષો રહ્યા હતા. નવી પેઢી માટે દુષ્કાળ પ્રથમ અનુભવ બનશે.

જ્ઞાનેશ કુમાર ૨૦૨૪ સુધી CEC નહોતા, તો 3 વાર કેમ હાર્યા?

દેશમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન અંગે રાજકીય અને કાનૂની લડાઈ વધુ તીવ્ર બની

નવીદિલ્હી, તા. ૩૧

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ શનિવારે કોંગ્રેસ પાર્ટીને તેની ચૂંટણી હાર સમજાવવા પડકાર ફેંક્યો. તેમણે ચૂંટણી પંચ અને તેના વિરોધ પક્ષની ટીકા, ખાસ કરીને મતદાર યાદીમાં મોટા પાયે ફેરફારો પર પ્રશ્ન ઉઠાવ્યો. રિજિજુએ કોંગ્રેસ પાર્ટી પર બંધારણ અને લોકશાહીને નબળી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તેમની ટિપ્પણીઓ પરિવર્તનની પ્રક્રિયા પર કાનૂની અને રાજકીય મુકાબલા અને ચૂંટણી પંચની કામગીરી સામેના આરોપો વચ્ચે આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર એક પોસ્ટમાં, રિજિજુએ વિપક્ષી પાર્ટીને પાંચ પ્રશ્નો પૂછ્યા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા, તેમણે પૂછ્યું કે કોંગ્રેસને તેની સરકાર દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવામાં આવી હોવા છતાં, ૪૪ બેઠકો પર કેમ ઘટાડી દેવામાં આવી. તેમણે પૂછ્યું, ''૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે ફક્ત ૪૪ સાંસદો કેવી રીતે જીત્યા, જ્યારે ચૂંટણી કમિશનરોની નિમણૂક તેની સરકાર દ્વારા કરવામાં આવી હતી?'' ૨૦૨૪ની લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા, રિજિજુએ પૂછ્યું કે જ્યારે વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ચૂંટણી પંચના વડા ન હતા ત્યારે કોંગ્રેસને સતત ત્રીજી હાર કેવી રીતે સહન કરવી પડી.

૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન જ્ઞાનેશ કુમાર ચૂંટણી કમિશનર હતા, તેમણે તે વર્ષની ૧૫ માર્ચે પદ સંભાળ્યું હતું. પીટીઆઈ અનુસાર, તેઓ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા હતા. રિજિજુએ એમ પણ પૂછ્યું હતું કે શું ૨૦૧૪ થી ૨૦૨૬ વચ્ચે યોજાયેલી ચૂંટણીઓ પછી કોંગ્રેસના વર્તમાન મુખ્યમંત્રીઓ



રાજીનામું આપશે અને સરકાર બનાવવા બદલ માફી માંગશે. મતદાર યાદીમાં થયેલા ફેરફારોનો બચાવ કરતા, રિજિજુએ કહ્યું કે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ, મૃત મતદારો અને રહેઠાણ સ્થળાંતર કરનારા લોકોના નામ તેમજ ડુપ્લિકેટ એન્ટ્રીઓ દૂર કરવા જોઈએ. તેમણે પૂછ્યું કે શું કોંગ્રેસે આવા દૂર કરવાનો વિરોધ કર્યો હતો. તેમણે મતદાર યાદીમાં અગાઉના મોટા પાયે થયેલા ફેરફારોનો પણ ઉલ્લેખ કર્યો અને પૂછ્યું કે શું ૧૯૫૨-૫૬, ૧૯૫૮-૬૧, ૧૯૬૫-૬૬, ૧૯૮૩-૮૪, ૧૯૮૭-૮૮, ૧૯૯૩, ૧૯૯૫ અને ૨૦૦૨-૨૦૦૪માં લેવામાં આવેલા સમાન પગલાં ગેરકાયદેસર હતા. મંત્રીએ આરોપ લગાવ્યો કે, ''એક પારિવારિક પક્ષ, બાહ્ય શક્તિઓ સાથે મળીને, બંધારણ અને ભારતીય લોકશાહીનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.'' ૨૬ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામામાં, ચૂંટણી પંચે મુખ્ય ચૂંટણી કમિશનરે એકપક્ષીય નિર્ણયો લીધા હોવાના આરોપોને ફગાવી દીધા હતા. પીટીઆઈના અહેવાલ મુજબ, તેમાં કહેવામાં આવ્યું છે કે ખાસ સઘન સુધારા સંબંધિત આદેશોને ત્રણ સભ્યોના ચૂંટણી પંચ દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. રિજિજુના પ્રશ્નો કોંગ્રેસની ચૂંટણીમાં હાર, ચૂંટણી પંચની ટીકા અને મતદાર યાદી સુધારણાના વિરોધ પર કેન્દ્રિત હતા, જ્યારે ચૂંટણી પંચે જાળવી રાખ્યું હતું કે આ કવાયત પરના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા.

મળીએ, ચાલો સાથે જઈએ

રાહુલ ગાંધીએ કૂચનો રૂટ શેર કર્યો, પોલીસે કહ્યું - કોઈ પરવાનગી માંગવામાં આવી ન હતી

નવીદિલ્હી, તા. ૩૧

ઓલ ઈન્ડિયા એલાયન્સ ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં SIR અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારમાં થયેલી ગેરરીતિઓ સામે રેલીનું આયોજન કરશે. રેલી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સતત લોકોને રેલીમાં જોડાવા માટે અપીલ કરી રહ્યા છે. શનિવાર, ૩૧ ઓક્ટોબરના રોજ, તેમણે પ્રસ્તાવિત મેગા રેલી માટે રામલીલા મેદાન પહોંચતા પહેલા રાષ્ટ્રીય રાજધાનીમાં કૂચમાં જોડાવા માટે લોકોને અપીલ પણ કરી હતી. જોકે, દિલ્હી પોલીસના સૂત્રો કહે છે કે કનોટ પ્લેસથી શરૂ થનારી કૂચ માટે કોઈ પરવાનગી લેવામાં આવી નથી. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કૂચનો રૂટ અને સમય શેર કર્યો હતો. તેમણે કહ્યું, ''કાલે મળીશું, ચાલો સાથે ચાલીએ.'' પોસ્ટ અનુસાર, કૂચ રવિવારે બપોરે ૧૨ વાગ્યે કનોટ પ્લેસ નજીક મિન્ટો રોડ જંકશનથી શરૂ થશે, અજમેરી ગેટથી પસાર થશે અને રામલીલા



મેદાન પર સમાપ્ત થશે.

આ પોસ્ટના જવાબમાં, દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે કનોટ પ્લેસથી કૂચ માટે કોઈ અરજી સબમિટ કરવામાં આવી નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે સાંસદો અને રાજકીય નેતાઓ તેમના ખાનગી વાહનોમાં કોન્સ્ટિટ્યુશન ક્લબ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાન અથવા તેમની પસંદગીના કોઈપણ અન્ય સ્થળે મુસાફરી કરી શકે છે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે રાજધાનીમાં લાંબા સમયથી વિરોધ પ્રદર્શન માટેનું મુખ્ય સ્થળ રહેલા જંતર મંતરને હવે સત્તાવાર રીતે વિરોધ સ્થળ તરીકે માન્યતા આપવામાં આવી નથી. તેમણે નોંધ્યું હતું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩, જે જાહેર મેળાવડાને પ્રતિબંધિત કરે છે, તે હાલમાં નવી દિલ્હી વિસ્તારમાં, ચૂંટણી પંચની આસપાસના વિસ્તાર સહિત, અમલમાં છે.

શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું, ''વરસાદને કારણે, અમે સર્વાનુમતે આજના કાર્યક્રમ (CEC સામે જાહેર મહાભિયોગ કાર્યક્રમ) ને આવતીકાલના સમાન સમય સુધી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. અમને લાગ્યું કે વરિષ્ઠ નેતાઓ માટે વરસાદમાં બેસવું અયોગ્ય રહેશે, તેથી અમે આવતીકાલે આ જ કાર્યક્રમ યોજીશું.'' 'INDIA' જોડાણ દ્વારા આયોજિત ૧લી નવેમ્બરે રામલીલા મેદાન સુધીની કૂચમાં જોડાવા માટે રાજકીય પક્ષો, નાગરિક સમાજના સભ્યો, પત્રકારો અને અન્ય નાગરિકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, ''બીજા દિવસે, આપણે રામલીલા મેદાન તરફ કૂચ કરીશું. સમગ્ર વિપક્ષ અને જે કોઈ આવવા માંગે છે - પછી ભલે તે રાજકીય હોય, બિનરાજકીય હોય, સામાજિક કાર્યકરો હોય, સેવાભાવી લોકો હોય, નાગરિક સમાજના સભ્યો હોય કે પત્રકારો હોય - તે ભાગ લઈ શકે છે. બંને કાર્યક્રમો નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચમાં તેમની ટીમ દ્વારા ભારતીય લોકશાહીના વિનાશ સામે છે.''

મે મહિના પછી વીજળીનો સૌથી વધુ વપરાશ

સપ્ટેમ્બર ૨૦૨૬ માં ભારતનો વીજળીનો વપરાશ ૧૧.૩% વધીને ૧૬૨ અબજ યુનિટ પર પહોંચ્યો

નવીદિલ્હી, તા. ૩૧

ભારતમાં વીજળીના વપરાશની મોસમી પેટર્ન બદલાતી હોય તેવું લાગે છે. સામાન્ય રીતે, એપ્રિલ અને જુલાઈ દરમિયાન વીજળીની માંગ ટોચ પર હોય છે. આ મુખ્યત્વે તીવ્ર ગરમી અને એર કંડિશનર (AC) અને કુલર જેવા ઠંડક ઉપકરણોના વધતા ઉપયોગને કારણે છે. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન વીજળીના વપરાશમાં એક નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે. આ મહિને, વીજળીની માંગ મે સ્તરની નજીક પહોંચી ગઈ અને જૂનને પણ વટાવી ગઈ. સપ્ટેમ્બર ૨૦૨૬ માં, દેશનો વીજળીનો વપરાશ ૧૬૨ અબજ યુનિટ (ઇઝ) હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૫ ની તુલનામાં ૧૧.૩% નો વધારો છે. ૧૦ સપ્ટેમ્બરના રોજ, દેશની ટોચની વીજળીની માંગ ૨૬૯ ગીગાવોટ (GW) પર પહોંચી ગઈ. આ વર્ષે મે મહિનામાં નોંધાયેલી ૨૭૦ ગીગાવોટની ટોચની માંગ કરતાં આ માત્ર ૧ ગીગાવોટ ઓછી હતી. આનો અર્થ એ થયો કે સપ્ટેમ્બરમાં, જ્યારે વીજળીની માંગ સામાન્ય રીતે ઘટતી હોય છે, ત્યારે આ મહિને વપરાશ ઉનાળાના રેકોર્ડની નજીક પહોંચી ગયો હતો. આ વધતી માંગ માટે વધતું તાપમાન એકમાત્ર પરિબળ નથી. હવામાનમાં ફેરફાર, વધેલી ભેજ અને કૃષિ સિંચાઈની વધતી જતી જરૂરિયાતને કારણે પણ વીજળીનો વપરાશ વધ્યો છે. વધુમાં, નબળા ચોમાસાએ પણ વીજળી ઉત્પાદન પર અસર કરી છે. સપ્ટેમ્બરમાં વીજળીની માંગમાં વધારો થવા પાછળના બે મુખ્ય કારણો સમજીએ.

સપ્ટેમ્બરમાં વીજળીના વપરાશમાં વધારો થવાનું મુખ્ય કારણ હવામાં ભેજ અને ભેજમાં વધારો છે. સામાન્ય રીતે, ચોમાસા દરમિયાન વરસાદ તાપમાનમાં ઘટાડો લાવે છે. પરિણામે, લોકો ગરમીથી રાહત અને એસી/કૂલરના ઉપયોગમાં ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. જોકે, આ વર્ષે એવું નહોતું. સપ્ટેમ્બર ૨૦૨૬ માં, દેશના મોટાભાગના ભાગોમાં તાપમાન એપ્રિલ અને જૂન કરતા



ઓછું હતું. ભારતીય હવામાન વિભાગના સપ્ટેમ્બર આબોહવા સારાંશ અનુસાર, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન ૩૮-૩૯ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહ્યું. આમ છતાં, વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો નોંધવામાં આવ્યો હતો. આ હવામાં ભેજને કારણે છે. વરસાદ અને ચોમાસા વાતાવરણમાં ભેજ વધારે છે. ઉચ્ચ ભેજ શરીર માટે પરસેવા દ્વારા ગરમી બહાર કાઢવામાં મુશ્કેલ બનાવે છે. પરિણામે, તાપમાન ખૂબ વધારે ન હોય ત્યારે પણ લોકો ગરમી અનુભવે છે. આના કારણે એસી અને કુલર જેવા ઉપકરણોનો ઉપયોગ ચાલુ રહે છે. આ જ કારણ છે કે સપ્ટેમ્બરમાં વીજળીની માંગ સામાન્ય ચોમાસાના મહિનાઓ કરતા વધુ હતી. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે વીજળીનો વપરાશ હવે ફક્ત તાપમાન દ્વારા માપી શકાતો નથી. હવામાં ભેજ અને ભેજ ઠંડક ઉપકરણોના ઉપયોગને પણ અસર કરે છે.

વીજળીના વપરાશમાં વધારો થવાનું બીજું એક મુખ્ય કારણ નબળું ચોમાસુ અને ઓછો વરસાદ છે. ભારતમાં ખેતીનો મોટો ભાગ હજુ પણ ચોમાસાના વરસાદ પર આધાર રાખે છે. જ્યારે વરસાદ સામાન્ય કરતા ઓછો હોય છે, ત્યારે ખેડૂતોએ તેમના પાકને ટ્યુબવેલ અને ઇલેક્ટ્રિક પંપથી સિંચાઈ કરવી પડે છે. આનાથી કૃષિ ક્ષેત્રમાં વીજળીની માંગ વધે છે. સપ્ટેમ્બરમાં વરસાદના અભાવને કારણે, ઘણા વિસ્તારોમાં ખેડૂતોને સિંચાઈ માટે વધુ વીજળીનો ઉપયોગ કરવો પડ્યો. આનાથી દેશના એકંદર વીજળી વપરાશ પર પણ અસર પડી. સામાન્ય રીતે, ચોમાસાના વરસાદ ખેતરોમાં પાણીની જરૂરિયાત ઘટાડે છે, પરંતુ ઓછો વરસાદ આ પેટર્નને બદલી નાખે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

સમાજ દર્શન

આધુનિક પેઢીને ઓન લાઇન શોપિંગની આદત પડી ગઈ છે, અને એટલે કમાણી દેખાતી નથી



હમણાં તો નાનીમા ઓન ડ્યુટી પર છે, એટલે કંઈ નવું લખાતું નથી! નથી ફોન જોવાતો! પ્રતિભાવનાં જવાબ પણ આપી શકાતાં નથી. ચિંતન તો સહજ છે,પણ બીજું કંઈ નવું લખવાનું પણ થતું નથી. રવિવાર માટે શું લખું ? એ વિચારે શોપિંગ પર જ ફોકસ થયું. હમણાં તો દિવાળી ને લઈને બધાનાં ઘરમાં નાની મોટી ખરીદી થતી હોય, અને એમ સામાન્ય માનવીનું બજેટ વિખરાઈ જાય ! કારણ કે એકવાર જે વાસ્તુના ભાવ વધે એ પછી મોટેભાગે ઉતરતાં નથી. ગયાં વર્ષે ગુજરાતનું કોસ્ટ ઓફ લિવિંગ ૪૫૦૦૦ થી ૪૭૦૦૦ હતું, અને આ વર્ષે ૫૦.૦૦૦ જેટલું છે ! બંને માં વિરોધાભાસ છે, આની પરથી એક વાત નક્કી છે, કે લોકો એક બાજુથી મોંઘવારી વધતી જાય છે, એવી રાડો પાડે છે, પણ આવક હોય કે ન હોય બધાને જીવવું છે લક્ઝેરિયસ જ! તહેવારોમાં તો ઓન લાઇન શોપિંગને કારણે બે છેડા ભેગા થવા મુશ્કેલ છે, પણ એક્સચેન્જ ઓફર અને રિટર્ન પોલિસી હોવાથી યુવાનોને ઘર બેઠાં જે જોઈએ તે મળતું હોવાથી ફાયદો દેખાય , જેમાં એક ની બદલે બે ની ખરીદી થાય તો એકદરે મોંઘુ પડે. પહેલાં તો કપડાં અને અને ફેશન એસેસિરિઝની જ ઓન લાઈન ખરીદી થતી, પછી કિચન વેર અને ઈલેક્ટ્રોનિક આઈટમ ! હવે તો સોનું ચાંદી પણ.

કરિયાણું, શાકભાજી, ફ્રુટ, અને દવાઓ પહેલાં ઓનલાઈન નહોતું. પરંતુ હમણાં છોકરાંવ ઘરે ભેગાં થયાં હોવાથી ઓચિંતા બધાં ખાણીપીણીનાં પ્રોગ્રામ બને! લેટ નાઈટ બધાં બેઠા હોય અને આઈસક્રીમ અને તરત બ્લિંકીટ! તો ૧૦ મિનિટમાં હાજર, એટલે કે હવે બ્લિંકીટ જીઓ માર્ટ અને બિગ બાસ્કેટ જેવી કંપનીઓ મોટાભાગના શહેર પર કબજો કર્યો છે! અને એમાં તો એ ટુ ઝેડ વસ્તુઓ આંખનાં પલકારામાં, આપણને મળી જાય છે! ટૂંકમાં આખું બજાર એમણે કવર કરી લીધું છે, આવી કંપનીઓથી રિટેલ વેપારી ને નુકસાન છે કે નહીં! એ વિશે આજે વાત કરવી નથી, સુવિધાની રીતે જોઈએ તો ખરેખર ખૂબ સારું લાગે, અને કોઈ એક ચીજ વસ્તુ વગર આપણું કામ અટકે નહીં, દાખલા તરીકે છેક સુધી નોકરી કરનારને દિવાળી ના કોડિયા, તોરણ, અને ફ્લાવર પોટ પણ બ્લિંકીટમા મળે, અને એ પણ વ્યાજબી કિંમતે! પરંતુ આ એક સુવિધા, આપણું આર્થિક બજેટ વીખી નાખે, પ્લસ આજની પેઢીને વધુ આળસુ બનાવી રહી છે. એક તો ફ્રુઝન વાનગીઓ ખાવાની આદતો વધતી જાય છે, અને એમાં જોબ પણ બેઠાડુ! એટલે શરીર રોગનું ઘર બનતા વાર નથી લાગતી.

પણ ઘણીવાર જોઈતું હોય કે ન જોઈતું હોય, એમ વસ્તુના ઢગલા થાય, અને ફ્રુટ કે શાકભાજી હોય તો અંતે વપરાયાં પહેલાં બગડી જાય! અથવા જુવાનીયા મેગી, રામેન, કે વેફર, બિસ્કીટ, જેવાં પેકેટ ફુડનો ઓર્ડર કરે! અને અંતે એ બધું અન હેલ્થી! આખું વિશ્વ હવે જાણી ગયું છે કે, ભારતીયોને સ્વાદનાં ચટાકા બહુ છે, અને એમાં પણ ગુજરાતી ઓ તો વાત પુછોમાં! તો આ કારણ છે, દિવસે દિવસે વધતી જતી મોંઘવારીનું! અથવા તો વધતાં જતાં કોસ્ટ ઓફ લિવિંગનું, કારણ કે મોંઘવારી હંમેશા ડિમાન્ડ પર આધારિત છે! જો આપણે જ અમુક વસ્તુઓનાં વપરાશ પર પ્રતિબંધ મુકી દઈએ તો આપોઆપ એનાં ભાવ ઊતરે અને કદાચ ન ઉતરે તોય આપણો તો ફાયદો જ છે કે, વસ્તુ વગર ચલાવતા આવડી જાય.

૧૯મી સદીમાં માણસની આટલી જરૂરિયાત નહોતી, અથવા તો ઓનલાઈન ધંધો તો હતો જ નહીં, એટલે ત્યારે લોકોને પોતાની કમાણીના રૂપિયા પોષાતા. આજે ગમે તેટલું કમાવા છતાં રૂપિયા દેખાતા નથી, એનું કારણ આપણી માંગ વધી છે, એ જ્યારે આપણને સમજાય, ત્યારે જ આપણે આ મોંઘવારીને નાથી શકીએ. બહુ પાછળ જવાની ક્યાં જરૂર છે આપણા પૂર્વજોના જીવન જોઈએ તો આપણને તરત સમજાઈ જાય કે આજની આ આધુનિક જીવન પદ્ધતી કેટલી ખર્ચાળ છે. શાકભાજીમાં બે શાક લઈએ ત્યાં સો રૂપિયા થઈ જાય, કરિયાણાના પાંચસો થાય, દૂધ છાશ દહીંનાં વળી પાછા સો બસ્સો, નાસ્તો અને બેકરી આઇટમ થઈને ફરી પાછા બીજા ત્રણસો-ચારસો આમ આખા દિવસનો ચાર કે પાંચ જણાનો ખર્ચ હજાર દોઢ હજાર આરામથી ! અંદાજે ૫૦ હજાર રૂપિયા કમાતો હોય તો, એમાંથી ઘરભાડું, ઘરનું હોય તો બેંક નો હપ્તો, લાઈટ બિલ, રાંધણ ગેસ,અને કામ કરનારનાં વગેરે બાદ કરતાં, પછી પચ્ચીસ હજાર રૂપિયા હાથમાં બચે. દૈનિક ખર્ચ દોઢ હજાર રૂપિયા હોય, તો બાકીની ખોટ કેમ પૂરી કરવી!! એટલે માંગ ઘટે નહીં ત્યાં સુધી મોંઘવારી ઓછી થાય નહીં, એ એક સીધીસાદી વાત આપણે સમજી લેવી પડે.

મૂળ વાત એ છે કે હવે દરેક ગુજરાતીએ વિચારવાનો સમય આવી ગયો છે, કે શું તે આમ જ જીવશે! અને એનો જવાબ સો ટકા હાં જ હશે! અને તો પછી આવતાં દસ વર્ષમાં ગુજરાતનું કોસ્ટ ઓફ લિવિંગ કદાચ એક લાખ આરામથી હશે! અને આ તો પાછું આપણી જેવા સામાન્ય વર્ગનું, એટલે કે લો મીડલ ક્લાસ, જ્યારે અપર મીડલ ક્લાસને તો દોઢ બે પણ ઓછાં પડશે! જે ખરેખર વધુ છે. આમાં પાછું મેડિકલ અને હરવાં ફરવાનું તો એક્સ્ટ્રા! વિચારો વિચારો... સમય હજી આપણા હાથમાં છે! મોંઘવારીનો સૌથી પહેલો નિયમ જ્યાં જરૂરીયાત વધુ ત્યાં મોંઘવારી વધું! શું આપણે આપણા વડીલોની જેમ જરૂરીયાત ઓછી કરીને જીવી ન શકીએ! કારણકે સાચી ખુશી કે આનંદ આ એકપણ ભૌતિક સાધનો આપી શકતા નથી! હાં સુખ મળે, પણ સુખ ક્ષણિક હોય છે! જેમ કે આઈસ્ક્રીમ! જીભ પર સ્વાદ રહે ત્યાં સુધી!અને આપણે આવા ક્ષણિક સુખ માટે લાખો રૂપિયા અત્યાર સુધીમાં જીવન યજ્ઞમાં હોમી દીધાં! રુપિયા એ આજના યુગની સૌથી આવશ્યક વસ્તુ માંની એક છે! અને આવું જ જીવન ધોરણ રહેશે તો અત્યારે જે તે થોડાં ઘણાં અંશે જોવા મળે છે, એ વ્યવહાર અને સંબંધોની પણ બોલી લાગશે! લગ્ન વગેરેમાં તો અત્યાર સુધી દિકરા વાળાની શરતો રહેતી, પણ હવે દિકરી વાળા લક્ઝરિયસ ફ્લેટ, ગાડી અને મિનીમમ બેંક બેલેન્સ ઉપરાંત બીજા અન્યની ડિમાન્ડ રાખતા થઇ ગયા છે! પીત્ઝા પાસ્તા કસ્ટમાઈઝ કરીએ તો વ્યાજબી કહેવાય, પણ સંબંધો કસ્ટમાઈઝ કરીને એક પરિવારમાં રહેવાની તૈયારી હોય તો કોસ્ટ ઓફ લિવિંગની ચિંતા નથી! બાકી તો પછી વિચારી લેજો ગુજરાતીઓ! પરિવારમાં જેટલાં જણ છે, એટલાંના ખાલી કપડાં જ અલગ હોય, પણ હવે તો સાબુ, શેમ્પૂ, પેસ્ટ, સ્પ્રે, દૂધ ઘી, બધું જ જુદું થતું જાય છે, અને એ સમય દૂર નથી, જ્યાં દરક ઘરમાં ડોક્ટર, ડાયેટિશયન અને કુક પણ અલગ અલગ ..જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વધુ એક લગ્નવાંચછુ છેતરાયોઃ યુવતિ અને ત્રણ દંપતિએ મળી ચૂનો લગાવ્યો

ક્રિકેટ મેન્ટોર સાથે લગ્નના નામે ૮.૮૦ લાખની ગેમ

પોપટપરાના યુવાને લાખો ચુકવી લગ્ન કર્યાઃ પણ કન્યા બીજા જ દિવસે રેસકોર્ષમાં રમતો મુકી ભાગી ગઇઃ પ્રધુમનનગર પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૩૧

લગ્ના નામે છેતરપીંડીના બનાવો અવાર-નવાર બની રહ્યા છે. આ વચ્ચે રાજકોટના પોપટપરા મેઇન રોડ પર દયા સાગર હનુમાનજીનાં મંદિર પાસે રહેતા ક્રિકેટ મેન્ટોર રાજુભાઇ નાગજીભાઇ ઝાપડા નામના ઓગણત્રીસ વર્ષના યુવાન સાથે ટોળકીએ લગ્ન કરાવી દેવાના નામે આઠ લાખ એંસી હજારની ઠગાઇ કરી લીધી છે. લૂંટેરી દૂલ્હન લગ્ન બાદ એક જ રાત સાથે રહી હતી અને બીજા દિવસે બંને રેસકોર્ષ ફરવા ગયા ત્યાંથી પતિની નજર ચુકવી ગાયબ થઇ ગઇ હતી. સાત જણાની ટોળકી સામે આ મામલે ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો પોપટપરામાં રહેતાં રાજૂભાઇ ઝાપડા સાથે લગ્ન કરવાના નામે યુવતી અને ત્રણ દંપતી સહિતનાએ લાખોની છેતરપીંડી કરી લતાં પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇ હતી. કાજલ નામની યુવતી આરોપીઓની દિકરી ન હોવા છતાં દિકરી તરીકે બતાવી રાજુભાઇ સાથે મંદિરમાં લગ્ન કરાવી લગ્નના બહાને રૂા. ૧૫ લાખ અને સોના-ચાંદીના દાગીના લઇ લીધા બાદ લગ્નના બીજા દિવસે કન્યા ભાગી ગઇ હતી. જેથી આપેલી રકમમાંથી ટુકડે-ટુકડે ફકત રૂા. ૬.૨૦ લાખ આપી બાકીના ૮.૮૦ લાખ અને દાગીના ફોન કરી અવાર નવાર માંગવા છતાં નહીં આપી ઠગાઇ કરી હતી. પ્ર.નગર પોલીસે આ મામલે ક્રિકેટ મેન્ટોર રાજુભાઇ ઝાપડાની ફરિયાદ પરથી લૂંટેરી દુલ્હન કાજલ, વીહા કટારીયા, તેની પત્ની દેવુબેન, રમેશ ગોકળભાઇ કટારીયા અને તેની પત્ની મંજુબેન તેમજ વિહાના પુત્ર નિલેશ અને નિલેશની પત્ની હેતલબેન સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા કવાયત શરૂ કરી હતી.ફ

ફોડની આ ઘટનાની વધુ વિગત અનુસાર રાજુભાઇ ઝાપડાએ ફરીયાદમાં જણાવ્યું કે, હું ઉપર બતાવેલ સરનામે મારા માતા દેવુબેન સાથે રહું છુ. અને ક્રીકેટ મેન્ટોર તરીકે કામ કરૂં છુ. અમે ચાર ભાઈ બહેન જેમા મોટી હીનાબેન મેસ્ભાઈ ફાગલીયા જેના લગ્ન થઈ ગયેલ બાદ કાજલબેન સંગ્રામભાઈ ટોયટા જેના લગ્ન થઈ ગયેલ છે બાદ મીનાબેન હીતેષભાઈ ટોળીયા જેના પણ લગ્ન થઇ ગયેલ છે. અને સૌથી નાનો હું મારા પિતા સને ૨૦૧૬મા હાર્ટએટેકથી મરણ ગયેલ છે.આજથી છએક માસ આગાઉ ગોંડલ ખાતે રહેતા પાંચાભાઈ અમારા સમાજના હોય જેઓ અગાઉ મારી બહેન મીનાનુ માગુ લઈને આવેલ હતા જેથી અમે તેમને ઓળખીએ છિએ. મારા માતાએ આગાઉ તેમને વાત કરેલી હતી કે. મા રો દીકરો કુવારો હોય અને જેના માટે કોઈ છોકરી હોય તો બતાવજો, તેમજ પાંચાભાઈને જરૂરીયાત હોય જેથી મારા માતાએ તેમને અગાઉ રૂ.૫૦૦૦/- ઉછીના આપેલ હતા.

જે બાદ થોડા દિવસ પછી પાંચાભાઈ અમારા આપેલા પૈસા પરત આપવા માટે અમારા ઘરે આવેલ હતા અને તેની સાથે એક વિહાભાઈ નામના વ્યકતી હતા ત્યારે વહાભાઈ સાથે મારા સ ગપણ બાબતે વાત થયેલ હતી ત્યારે વિહાભાઈએ કહેલ કે મારા ભાઈનીજ દીકરી છે તમે જોવા માટે આવજો તેમ વાત થયેલ હતી. અને વિહાભાઈએ તેમનો મોબાઈલ નંબર આપેલ હતો, થોડા દીવસ પછી વિહાભાઈનો ફોન આવેલ અને છોકરી બતાવવા માટે વાત કરેલ હતી. બાદ મારા માતા તથા મારી બહેન કાજલ એમ બન્ને મોણીયા ગામે વીસાવદર ગયેલ હતા ત્યારે વહાભાઈએ તેના ભાઈની દીકરી કાજલ બતાવેલ અને છોકરી પસંદ આવતા તેઓને રાજકોટ બોલાવતા વીહા કટારીયા તથા તેની ઘરવાળી દેવુબેન તથા કાજલના પિતા રમેશ ઉર્ફે રામભાઇ કટારીયા અને માતા તથા રમેશભાઈના પત્નિ મંજુબેન આવેલ અને સગપણનુ નક્કી કર્યુ હતું.

ત્યારે અમારા સમાજના રીત રીવા જ મુજબ લગ્ન માટે રૂ.૧૫,૦૦,૦૦૦ અને



આઠ તોલા સોનાના દાગીના આપવાનુ નક્કી થયેલ જે બાદ બે ચાર દીવસ બાદ અમો પરીવાર સાથે મોણીયા ગામ ગયેલ અને કાજલ ને ચુંદળી ઓઢાળવાનો પ્રસંગ કરેલ હતો. અને નકકી કરેલ મુજબ રૂ. ૧૫૦૦૦૦૦ તથા આઠ તોલા સોનુ કાજલ ને આપવાની વાત કરેલ હોય ચુંદળી ના દીવસે અમે રૂ .૫૦૦૦૦૦ રોકડા તેમને આપેલ હતા અને આસરે દોઢ તોલાના સોનાના દાગીના જેમા એક સોનાની બરઘલી એક જો ડી સોનાના બુટીયા તથા સોનાની વાળી તેમજ એક જોડી ચાંદીના સાકળા આપેલ હતા. અને બાદ મા લગ્ન લ ખવાના હતા તે પહેલા અમારા ધરે રામભાઈના દીકરા નીલેસ તેથા તેની સાથે એક વ્યકતી જેનુ નામ અમને ખબર નથી તે બન્ને આવેલ અને કરીયાવર લેવાનો હોય તેમ કહી રૂ.૩૦૦૦૦૧૨ રોકડા લઈ ગયેલ હતા.

ત્યારબાદ લગ્ન માટે તા.૧૪/૦૫ /૨૦૨૬ નક્કી કરેલ અને જ્યારે લગ્ન કરવા ગયેલ ત્યારે બોલી મુજબના રૂ.૧૫.૦૦,૦૦૦ પૈકીના બાકીના રોકડા રૂ.૭ ૦૦૦૦ વીહા તથા રામભીને આપેલ હતા. અને લગ્ન તા. ૧૪/૦૫/૨૬ ના રોજ લગ્ન માટે જુનાગઢ ખાતે ડુંગરપુર ગામ શંકર મંદીરે બોલાવેલ હતા,જ્યા હીન્દુ વીધી મુજબ મારા લગ્ન વીહાના ભાઈ રમેશ ઉર્ફે રામની દીકરી કાજલ સાથે કરાવેલ હતા. અને કાજલને લઈને પરત અમારા ઘરે રાજકોટ ખાતે આવી ગયેલ હતા. જે બાદુ બીજે દીવસે તા.૧૫/૦૫/૨૬ ના સાંજ ના હું તથા કાજલ એમ બન્ને રેસકોર્ષ ફરવા ગયેલ હતા ત્યાથી કાજલ જતી રહેલ હતી થોડીવાર બાદ મેં મારા માતાને ફોન કરી વાત કરેલ કે બાલભવન ફરવા આવેલ અને ત્યાથી કાજલ કયાક ચાલી ગયેલ છે. જે બાદ મારા માતાએ વિહાને વાત કરેલ ત્યારે તેણે કહેલ કે, અમો કાજલને ગોતીને તમારી પાસે લઈ આવશુ તમો કોઈને કહેતા નહી અને ફરીયાદ કરતા નહી, નહીતર તમારી અને અમારી આબરૂ ખરાબ થશે.

જેથી ત્યારે એ કોઈ પોલીસ ફરીયાદ કરેલ ન હતી. અને થોડા દિવસ પછી વીહાએ રૂ ૧,૦૦,૦૦૦ પરત આપી દીધેલ હતા. જે બાદ ગઈ તારીખ. ૧૯/૦૬ના રોજ મેં મારી પત્ની કાજલ ગુમ થવા બાબતની ગુમસુધ્ધા લખાવેલ હતી. અને આ ગુમ લખાવ્યા બાદ પણ વિહા તથા છોકરીના પિતા રમેશ ઉર્ફે રામ સાથે અવાર નવાર ફોનથી વાત થતી હતી. જેમા વિહાએ ટુકડે ટુકડે અમને રૂ. ૬,૨૦,૦૦૦ (છ લાખ વીસ હજા) પરત આપેલ હતા જેમાં એક વખત રૂ.૧,૦૦,૦૦૦ તથા એક વખત રૂ.૫૦,૦૦૦ અને એક વખતે રૂ.૨૦,૦૦૦ એમ મારા ખા તામાં પરત મોકલેલ હતા અને બીજા રૂ. ૪,૫૦,૦૦૦ ટુકડે ટુકડે આંગળીયાથી મોકલેલ હતા.

જે બાદ અવાર નવાર ફોન કરવા છતા અમારા બાકીના રૂપીયા ૮,૮૦,૦૦૦ તથા દોઢ તોલાના સોનાના દાગીના જેમાં એક સોનાની બરઘલી એક જોડી સોનાના બુટીયા તથા સોનાની નાકની વાળી તેમજ ચાંદીના સાકળા પરત આપેલ ન હતા. જે બાદ આ બાબતે અમને ખબર પડેલ કે, આ છોકરી તેની દીકરી નથી અને કાજલના અગાઉ પણ લગ્ન થઈ ગયેલ છે. જેથી અમને ખોટી માહીતી આપી વિશ્વાસમાં લઈ કાજલના લગ્ન થઈ ગયેલ હોવા છતા કાજલને પોતાની દીકરી ન હોવા છતા પોતા ની દીકરી બતાવી મારી સાથે મંદીરમાં લગ્ન કરાવી લગ્ન ના બહાને રૂ.૧૫,૦૦,૦૦૦- તથા આસરે દોઢ તોલાના સોનાના દાગીના લઈ લીધેલ અને મંદીરમા લગ્ન કરાવેલ જેબાદ લગ્ન ના બીજા દીવસે છોકરી ભાગી ગયેલ હતી. અને છોકરી ભાગી ગયા બાદ ટુકડે ટુકડે રૂ.૬.૨૦,૦૦૦ પરત આપી અવાર નવાર ફોન કરી પૈસા પરત માગવા છતા બાકીના રૂપીયા ૮,૮૦,૦૦૦ તથા સોના ચાંદીના દાગીના પરત આપતા ન હોવાથી ફરિયાદ નોંધાવી હતી. ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં તપાસ શરૂ થઇ છે.

ત્રણ ત્રણ વર્ષ સુધી રાહ જોઇ પણ ન તો નફો મળ્યો કે ન પાછી મળી મુડી

મહિને પોણા બે લાખના નફાની લ્હાયમાં વીસ લાખ ગ્યા

ગીતાનગરમાં રહેતાં એકાઉન્ટન્ટબે અંબીકા ટાઉનશીપ પાસે રહેતાં બે સગા ભાઇ છેતરી ગયાઃ એ-ડિવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ આરંભી



રાજકોટ તા. ૩૧

લાલચની જાળમાં અનેક લોકો ફસાઇને નાણા ગુમાવી દેતાં હોય છે. આ વચ્ચે રાજકોટ શહેરમાં રોકાણ પર દર મહિને આકર્ષક વળતરની લાલચ આપીને નાગરિકો સાથે ઠગાઈ કરવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે. શહેરમાં વધુ એક આવી ઠગાઇ થઇ હતી.જેમાં એકાઉન્ટન્ટને સ્કીમમાં વીસ લાખનું રોકાણ કરશે તો તેની સામે દર મહિને રૂા. ૧ લાખ ૭૦ હજાર વળતર અપાશે તેવુ કહી અંબકા ટાઉનશીપ પાસે રહેતાં બે ભાઇઓએ ત્રણ વર્ષ પહેલા વીસ લાખ મેળવી લીધા બાદ સ્કીમનો લાભ કે મુળ રકમ પણ પાછા આપ્યા નહોતાં.

ફોડની આ ઘટના પર નજર કરીએ તો શહેરના ગીતાનગર-૫ વિશ હાઇટ્સ પહેલા માળે ફ્લેટ નં. ૧૦૨ જલારામ ચોક ખાતે રહેતાં અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરતાં યોગેશભાઇ ત્રિભોવનદાસ કોટકની ફરિયાદ પરથી અંબીકા ટાઉનશીપ પાસે કસ્તુરી કાસા એપાર્ટમેન્ટમાં રહેતાં પૃથ્વી વિઠ્ઠલભાઇ લો અને શૈલેખ વિઠ્ઠલભાઇ લો વિરૂધ્ધ ૨૦ લાખના રોકાણ પર દર મહિને ૧.૭૦ લાખ મળશે અને ૨૫ મહિના સુધી વળતર મળશે તેવી લાલચ આપી સેફ ઇન્વેસ્ટમેન્ટ બીઝનેસ સ્કીમમાં નાણા રોકવાનું કહી ૨૦ લાખ મેળવી લઇ ઠગાઇ કર્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

અઠાવન વર્ષના એકાઉન્ટન્ટ યોગેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે પરિવાર સાથે રહે છે અને ગોંડલ રોડ સમૃધ્ધી ભવન ખાતે યસ કન્સલ્ટન્ટ નામની ઓફિસમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરે કરે છે. તેમણે સી.એ. સુધી અભ્યાસ કર્યો છે. ફરિયાદની વિગત મુજબ ગત તા. ૩૦/૦૮/૨૦૨૩ના રોજ બપોરના સમયે યોગેશભાઇ પોતાની ઓફિસે હાજર હતા ત્યારે તેમના ગ્રાહક અને જાણીતા પૃથ્વીભાઈ વિઠ્ઠલભાઇ લો તથા શૈલેષભાઈ વિઠ્ઠલભાઇ લો તેમની ઓફિસે આવ્યા હતા.

આ બંને ભાઈઓએ પોતાની ઓળખ આપીને જણાવ્યું હતું કે, તેઓ સેફ ઇન્વેસ્ટમેન્ટ નામની ઓફિસ સાઉથ અટીકા બિલ્ડિંગ, ૧૩મા માળે, રાજકોટ ખાતે બિઝનેસ સ્કીમ ચલાવે છે. બાદમાં બંનેએ લોભામણી લાલચ આપતા જણાવ્યું હતું કે જો તેઓ તેમની બિઝનેસ સ્કીમમાં રૂ. ૨૦,૦૦,૦૦૦નું રોકાણ કરશે તો તેની સામે તેમને દર મહિને રૂ. ૧,૭૦,૦૦૦ના દરથી નફો આપવામાં આવશે. બંને ભાઈઓ છેલ્લા એક વર્ષથી પરિચયમાં હોવાથી ફરિયાદીએ તેમના પર વિશ્વાસ મૂકીને આ સ્કીમમાં રોકાણ કરવાનું નક્કી કર્યું હતું. યોગેશભાઇએ પોતાના બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી ચેક દ્વારા તેમજ આર.ટી.જી.એસ. મારફતે ટુકડે-ટુકડે કુલ રૂ. ૨૦,૦૦,૦૦૦ની રકમ આરોપી પૃથ્વી વિઠ્ઠલભાઈ લોના અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવી હતી.

જેમાં તા. ૦૬/૧૦/૨૦૨૩ના રોજ ચેકથી રૂ. ૫ લાખ, તા. ૦૩/૧૨/૨૦૨૩ના રોજ એચડીએફસી બેંક ખાતામાં આરટીજીએસ દ્વારા રૂ. ૫ લાખ, તા. ૦૪/૦૩/૨૦૨૪ના રોજ રૂ. ૫ લાખ તથા તા. ૦૪/૦૬/૨૦૨૪ના રોજ વધુ રૂ. ૫ લાખ એમ કુલ વીસ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. પરંતુ નાણાં જમા કરાવ્યા બાદ આજદિન સુધી આરોપીઓ દ્વારા આ સ્કીમનું કોઈપણ વળતર કે મુળ રકમ પરત આપવામાં આવી ન હતી. પોતાની સાથે ઠગાઇ થયાનું જણાતાં અંતે યોગેશભાઇએ એ-ડિવીઝન પોલીસને જાણ કરતાં પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર જે. વી. વાઢીયાના પીએસઆઇ કે. એચ. કારેણાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વખત રોકાણ પર મોટા નફાની લાલચ આપી એક રોકાણકારને લાખોનો ચૂનો લગાવી દેવાયો હતો.

લેભાગુઓ હવસખોરો હાલી નીકળ્યા છેઃ શહેરમાં વધુ ત્રણ ત્રણ દૂષ્કર્મના ગુના

મહિલા સાથે વારંવાર દૂષ્કર્મઃ દસ લાખ પણ પડાવ્યા

પતિ-દિયર જેલમાં હોઇ તેને મળવા જેલ ખાતે ગઇ ત્યારે એક લેભાગુ ભેટી ગયોઃ પોતે વકિલને ઓળખે છે, જેલમાંથી છોડાવવામાં મદદ કરશે કહી પરિણીતાને ફસાવીઃ ન્યુડ વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ તાંત્રીક વિદ્યાથી પરિવારને મારી નાંખવાની ધમકી દઇ વારંવાર બળજબરી આચરીઃ તાલુકા પોલીસે દબોચી લીધો

રાજકોટ તા. ૩૧

શહેરમાં અવાર-નવાર કોઇને કોઇ લેભાગુઓની કરતૂતો પોલીસ ચોપડે દૂષ્કર્મની એફઆઇઆર સ્વરૂપે સામે આવતી રહે છે. વધુ આવી ત્રણ ઘટના નોંધાઇ હતી. જેમાં એક કિસ્સામાં એક પરિણીતાના પતિ, દિયર આર્થિક બાબતોના ગુનામા જેલમાં હોઇ તેણી તેને મળવા જેલ ખાતે ગઇ ત્યારે એક લેભાગુએ તેણીનો સંપર્ક કરી પોતે મોટા વકિલોને ઓળખે છે, પતિ-દિયરને છોડાવી દેશે તેવી વાતો કરી લાલચ જન્માવી પરિચય કેળવ્યા બાદ આ મહિલાને પ્રેમજાળમાં ફસાવી તેણી સાથે વારંવાર દુષ્કર્મ આચરી બ્લેકમેઇલ કરી તેમજ વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ દસ લાખ રૂપિયા પડાવી લેતાં ચકચાર જાગી છે. મહિલાએ તાલુકા પોલીસને જાણ કરતાં હવસખોરને ઝડપી લેવાયો છે. ચોંકાવનારી વાત એ છે કે તાજેતરમાં આ શખ્સ આજીડેમ પોલીસમાં પણ આવા જ એક ગુનામાં સંડોવાઇ ચુક્યો હતો.

વિગતો પર નજર કરીએ તો એક મહિલા પતિ અને દિયરને જેલમાંથી છોડાવવામાં મદદ કરવાના બહાને લેભાગુએ તેણીને ફસાવી હતી અને હવસખોરી આચરવા ઉપરાંત તેની પાસેથી દસ લાખ જેવી રોકડ પણ પડાવી લીધી હતી. શખ્સે પોતે તાંત્રીક વિદ્યા દ્વારા તેણીના આખા પરિવારને પતાવી દેશે તેવી ધમકી પણ દીધી હતી. તેમજ બ્લેકમેઇલ કરી ન્યુડ વિડીયો કોલ કરાવા દબાણ કરી તેના સ્ક્રીન રેકોર્ડીંગ લઇ તે વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. ચોંકાવનારી વાત એ છે એ આ શખ્સ અગાઉ આજીડેમ પોલીસમાં પણ દૂષ્કર્મના એક ગુનામાં સંડોવાઇ ચુક્યો છે. મહિલા જેલ ખાતે પતિ-દિયરની મુલાકાતે જતી ત્યાર આ શખ્સ પણ ત્યાં કોઇને મળવા ગયો ત્યારે પરિચય થયો હતો. અન્ય બે કિસ્સામાં ભોગ બનનાર વિદ્યાર્થીનીઓ છે. ભોગ બનનાર પરિણીતાની ફરિયાદ પરથી તાલુકા પોલીસે કોઠારીયા રોડ ડાયમંડ પાર્ટી પ્લોટ પાસે શન પાર્કમાં રહેતાં રીન્કલ જસમતભાઇ આંબલીયા નામના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી મુજબ ભોગ બનનાર મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેના પતિ અને દિયરની છએક મહિના પહેલા જીપીઆઇડીના ગુના સબબ ધરપકડ થયા બાદ બંને જેલહવાલે થયા હતાં. જુના ૨૦૨૬માં તેણી જેલ ખાતે પતિ, દિયરની મુલાકાતે ગઇ ત્યારે ત્યાં એક શખ્સ પણ કોઇની મુલાકાત માટે આવ્યો હતો. આ વખતે પોતે એકલી હોઇ તેની પાસે આ શખ્સ આવ્યો હતો અને તમારું કોણ કોણ જેલમાં છે? એવી પૃછા કરી હતી. આથી તેણીએ પોતાના પતિ અને દિયર જીપીઆઇડીના ગુનામાં જેલમાં છે તેવી વાત કરી હતી. આ શખ્સે પોતાનું નામ રીન્કલ જસમતભાઇ આંબલીયા હોવાનું અને પોતે પણ એક પરિચીતને મળવા અને તેના માટે જામીન કરાવી છોડાવવાની વ્યવસ્થા કરવા માટે આવ્યાનું કહ્યું હતું.

તેમજ રીન્કલે એવી વાત પણ કરી હતી કે મારી ઓળખાણ મોટા વકિલો જસાથે છે, તેનો હું તમને કોન્ટેકટ કરાવી આપીશ જેથી તમારા પતિ અને દિયર બહુ ઝડપથી જેલમાંથી બહાર આવી જશે. પરિણીતા પોલીસ કાર્યવાહી, જામીન મેળવવા સહિતની બાબતોથી અજાણ હોઇ તેને રીન્કલની વાતમાં ભરોસો બેસી ગયો હતો. રીન્કલે આ વાતચીત દરમિયાન કોન્ટેક્ટ નંબર પણ લઇ લીધા હતાં. બાદમાં તેણીએ પરિણીતા સાથે વાતચીત શરૂ કરી તેની લાગણી જીતવા દાવપેચ કર્યા હતાં અને તેણીના પતિ, દિયરને જેલમાંથી છોડાવી દેવા પોતે ગમે તે કરશે તેવી વાતો કરી હતી.



ઝડપાયેલો હવસખોર રીન્કલ આંબલીયા તાજેતરમાં આજીડેમ પોલીસમાં પણ બળાત્કારના ગુનામાં પકડાયો હતો : અન્ય બે બનાવમાં બે વિદ્યાર્થીનીઓ હવસખોરીનો ભોગ બનીઃ થોરાળા, યુનિવર્સિટી પોલીસની કાર્યવાહી

આ પછી ધીમે ધીમે તેણીને પોતાની પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. એ દરમિયાન તેણીને વિડીયો કોલ કરવા મજબૂર કરી હતી. વિડીયો કોલ કરતાં તેણે સ્ક્રીન રેકોર્ડીંગ કરી લીધુ હતું અને તે વાયરલ કરવાની ધમકી દઇ બાદમાં ન્યુડ વિડીયો કોલ કરવા ધમકી આપી હતી. તેમજ અવાર-નવાર હોટેલ ખાતે લઇ જઇ બ્લેકમેઇલ કરી બળજબરીથી શરીર સંબંધો બાંધી લીધા હતાં. મહિલા જો ઇન્કાર કરે તો રીન્કલ ધમકાવતો કે હું તારા પતિ, દિયરને જેલમાંથી છુટવા નહિ દઉં. આ પછી તેણે શરીર સંબંધ વખતે વિડીયો ઉતારી લીધા હતાં તે વાયરલ કરી દેવાની ધમકી આપી તેણે કટકે કટકે ઓનલાઇન તેણી પાસેથી રૂા. ૧૦ લાખ રોકડા પડાવી લીધા હતાં.

રીન્કલ એવી પણ ધમકી આપતો હતો કે પોતે તાંત્રિક વિદ્યાનો જાણકાર છે અને જો પોતે કહે તેમ તેણી નહિ કરે તો પોતે તાંત્રિક વિદ્યાનો ઉપયોગ કરી તેણીને અને તેના આખા પરિવારને પતાવી દેશે. ફસાઇ ગયેલી આ પરિણીતાએ લાખોની રકમ આપી દીધી હોવા છતાં તે વધુને વધુ બ્લેકમેઇલ કરતો હોઇ અંતે તેણીએ સગાને જાણ કરી હતી અને બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસ સ્ટેશનમાં તેણી પહોંચતા ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણી, પીએસઆઇ એમ. એચ. મહારાજ, પીએસઆઇ બી. આર. ભરવાડ અને ટીમે આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

બનાવ અંગે વધુ વિગતો આપતાં ઇન્સ. એસ. આર. મેઘાણીએ જણાવ્યુ.હતું કે આરોપી હાથવેંતમાં છે. તે અગાઉ પણ આજીડેમ પોલીસના દુષ્કર્મના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. થોડા મહિના પહેલા જ તેના વિરૂધ્ધ પરિણીતા સાથે દૂષ્કર્મનો ગુનો આજીડેમ પોલીસમાં નોંધાયો હતો. હવે તેણે બીજી પરિણીતાને ફસાવી બળજબરી આચરી હતી. અગાઉ તે ઇમિટેશનનું કામ કરતો હતો. લગ્ન બાદ તેના છુટાછેડા થઇ ગયા છે. જેલમાં તે કોઇની મુલાકાતે ગયો ત્યારે ભોગ બનનાર મહિલા તેના પતિ, દિયરની મુલાકાતે ગયા હોઇ રીન્કલે તેની સાથે પરિચય કેળવી તેના પતિ, દિયરને છોડાવી દેવાના નામે ફસાવીને બળજબરી કરી બ્લેકમેઇલીંગ પણ કર્યુ હતું. તેની ધરપકડ બાદ વધુ વિગતો બહાર આવશે. આ બનાવે ચકચાર જગાવી દીધી હતી.

બળજબરીની અન્ય બે ઘટનામાં થોરાળા અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. જેમાં બંનેમાં ભોગ બનનાર બાળાઓ ધોરણ-૧૧ની છાત્રા છે. થોરાળા પોલીસે ભોગ બનનાર ૧૬ વર્ષની બાળાની ફરિયાદ પરથી સામા કાંઠાના શુભમ્ નરેશભાઇ ચોલેરા વિરૂધ્ધ પોક્સો, દુષ્કર્મનો ગુનો નોંધ્યો હતો. સગીરા ધોરણ૧૧માં ભણે છે અને માતા-પિતા સહિતના પરિવાર સાથે રહે છે. એકાદ વર્ષ પહેલા તેણીને શુભમ્ નામના શખ્સે મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. બાદમાં તેણી સાથે એક વર્ષમાં ત્રણેક વખત દુષ્કર્મ આચરી લીધુ હતું.

આ કિસ્સામાં પરમ દિવસે બાળા ઘરેથી ગૂમ થઇ જતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. એ દરમિયાન બાળાને એકલી અને ચિંતામાં હોય તેવુ લાગતાં કોઇ જાગૃત નાગરિકે ૧૧૨ને જાણ કરી હતી. પોલીસ પુછતાછમાં બાળાએ પોતે ઘરેથી નીકળી ગયાનું અને સરનામુ જણાવતાં પોલીસે તેના વાલીને જાણ કરી હતી અને થોરાળા પોલીસ સ્ટેશને બાળાને લઇ જવાઇ હતી. અહિ પીઆઇ શકિતસિંહ પી. સોઢા અને ટીમે મહિલા પોલીસને સાથે રાખી બાળાનું કાઉન્સેલીંગ કરતાં તેણીએ પોતાને શુભમ્ નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવ્યાનું અને ઘરેથી તે તેના કહેવાથી નીકળી ગયા બાદ તે તેને છોડીને જતો રહ્યાનું કબુલતાં તેણીના વાલીની ફરિયાદ પરથી ગુનો નોંધી આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

દુષ્કર્મની બીજી આવી ઘટનામાં યુનિવર્સિટી પોલીસે બાળાની માતાની ફરિયાદને આધારે દીપ હમીરભાઇ મિયાત્રા નામના ૨૨ વર્ષના શખ્સ વિરૂધ્ધ પોક્સો, દૂષ્કર્મનો ગુનો નોંધી તેને સકંજામાં લીધો છે. ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની આ બાળાને ફસાવી ઢગાએ અલગ અલગ બાવીસ વખત દુષ્કર્મ આચરી લીધાનું અને તેણીના ન્યુડ ફોટા, વિડીયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલીંગ કર્યાનું ફરિયાદમાં જણાવાયું હતું. યુનિવર્સિટી પીઆઇ કે.કે. ગોહિલે જણાવ્યા અનુસાર, ગયા વર્ષે નવરાત્રિ દરમિયાન સગીરાનો આરોપી સાથે સંપર્ક થયો હતો અને બંને વચ્ચે મિત્રતા બંધાઇ હતી. જો કે બાદમાં આરોપી દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવતી હોવાની જાણ થતાં અને તેની સાથેના સંપર્કને કારણે પરિવાર ચિંતિત બન્યો હતો. આથી પરિવારે સગીરાનો અભ્યાસ બંધ કરાવી દીધો હતો.

પણે અભ્યાસ બંધ કરાવ્યા બાદ પણ આરોપી તેનો પીછો છોડતો ન હતો. દરમિયાન સગીરા મિત્રો સાથે પ્રી-વેડિંગ શૂટમાં જવાનું કહી સાસણ ગઇ હતી. આ દરમિયાન દીપ મિયાત્રા સાથેના તેના ફોટા મળતાં માતા-પિતા સાસણ પહોંચ્યાં હતાં. પરિવારને દીપ સગીરાને હેરાન કરતો હોવાની જાણ થઈ હતી. તેના પિતાએ પણ આરોપીને દીકરીનો પીછો નહીં કરવા અને સંપર્ક નહીં રાખવા સમજાવ્યો હતો. આમ છતાં હેરાન કરતો હોવાથી અંતે ફરિયાદ નોંધાવી હતી. આરોપીને પકડી લેવા તજવીજ કરવામાં આવી હતી.

હાઇબ્રીડ પછી હવે સુકો ગાંજો ઝડપી લેવાયોઃ ક્રાઇમ બ્રાંચની બામણબોર પાસે રેઇડ

ગોંડલના 3 ડ્રાઈવર ૧૦.૯૪ લાખના ગાંજા સાથે ઝબ્બે

શહેર ક્રાઇમ બ્રાંચે દબોચ્યાઃ ગોંડલના જ બે શખ્સોએ વ્યારાથી ગાંજો ભરી દીધો હતોઃ જેના બદલામાં ત્રણેયને 30 હજાર આપ્યા હતાંઃ પેડલરો પકડાય બાદ વધુ વિગતો ખુલશે

રાજકોટ તા. ૩૧

રંગીલા રાજકોટમાં દારૂના જેટલા બંધાણી છે એ રીતે હવે માદક દ્રવ્યોના બંધાણીઓ પણ વધી રહ્યા છે જે ખુબ જ ચિંતાની બાબત છે. શહેર પોલીસ દ્વારા આવા માદક દ્રવ્યોની હેરાફેરી ડામવા, આવા પદાર્થનું વેંચાણ થતું અટકાવવા, યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે સતત સક્રિય રહી અવાર-નવાર માદક દ્રવ્યોની હેરાફેરી અટકાવે છે અને પેડલરોને પકડે છે. તાજેતરમાં એસઓજી, પ્ર.નગર પોલીસે હાઇબ્રીડ ગાંજા સાથે પકડી લેવાયા હતાં. ત્યાં હવે ક્રાઇમ બ્રાંચે ગોંડલના ત્રણ શખ્સોને ટ્રકમાં ૧૦ લાખ ૯૪ હજારનો ગાંજો ભરીને આવતાં પકડી લીધા હતાં. આ ગાંજો ગોંડલના જ બે શખ્સોએ સુરત વ્યારાથી ભરી દીધો હતો અને ગોંડલ પહોંચાડવા માટે ૩૦ હજાર ભાડાની લાલચ દીધી હતી. જો કે રાજકોટ પોલીસે બામણબોર પાસે ત્રણેયને પકડી લીધા હતાં.

વિગતો જોઇએ તો શહેરમાં વધુ એક વખત માદક દ્રવ્યોની હેરાફેરીની પર્દાફાશ થયો હતો. ક્રાઇમ બ્રાંચે ગાંજા સાથે ગોંડલના ત્રણ શખ્સોને બામણબોર પાસે દબોચી લીધા છે. જેમાં સુરતના યારાથી ગાંજાનો આ જથ્થો આપી જનારા મુળ ગોંડલના બે શખ્સોના પેડલર તરીકે નામ ખુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ડીસીબીની ટીમે બામણબોર પાસે બાતમીને આધારે વોચ રાખી આઇશર ટ્રકમાં ૧૦.૯૪ લાખના ગાંજા સાથે આવી રહેલા ગોંડલના ત્રણ શખ્સોને પકડી લઇ કુલ રૂા. ૨૭.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુ માહિતી અનુસાર ક્રાઇમ બ્રાંચ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઇ પીએસઆઇ એસ. એમ. રાણા, ડી. પી. ઝાલા, વી. ડી. ડોડીયા, ડી. જે. મહેતા, એએસઆઇ વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. સંજયભાઇ અલગોતર, કોન્સ. ધર્મેન્દ્રસિંહ રાણા, નિકુંજભાઇ મારવીયાને બાતમી મળી હતી.

આ બાતમી એવા પ્રકારની હતી કે હસમુખ અગ્રાવત, મહેબૂબ દોઢડીયા અને ફરીદ બ્લોચ નામના ત્રણ શખ્સો સફેદ રંગના આઇશરમાં ગાંજો છુપાવીને



અમદાવાદ રાજકોટ હાઇવે પરથી ચોટીલા તરફ આવી રહ્યા છે. આ બાતમીને આધારે ટીમે બામણબોર ચેક પોસ્ટ પર વોચ રાખી હતી. એ દરમિયાન જીજે૦૬એવી-૩૦૦૦ નંબરની આઇશર આવતાં તેને આંતરી લેઇ તપાસ કરતાં અંદર ત્રણ શખ્સો બેઠેલા હતાં. તેના નામ પુછતાં ડ્રાઇવીંગ સીટ પર બેઠેલા શખ્સે પોતે ફરીદ મેરાજભાઇ બ્લોચ (ઉ.વ.૨૭-ધંધો ડ્રાઇવીંગ, રહે. બરકતી પરા, ખેતલાબાપા ચોક, ઘોઘાવદર રોડ, ગોંડલ) હોવાનું કહ્યું હતું.

તેની સાથે અન્ય બે શખ્સો હોઇ તેની પુછતાછ કરતાં પોતાના નામ મહેબુબ આદમભાઇ દોઢીયા (ઉ.વ.૫૮-ધંધો ડ્રાઇવીંગ, રહે. વોરા કોટડા રોડ, પંજપીરની ધાર પાસે કેજીએન મસ્જીદ નજીક ગોંડલ) તથા હસમુખ શાંતિલાલ અગ્રાવત (ઉ.વ.૪૬, ધંધો ડ્રાઇવીંગ, રહે. રૈયાણીનગર, સમર્પણ સ્કૂલ પાસે, વોરા કોટડા રોડ, અવધ મકાન, ગોંડલ) જણાવ્યા હતાં. આ શખ્સો પાસે ગાંજો હોવાની બાતમી હોઇ પોલીસે ઠાઠામાં તપાસ કરતાં શણના કોથળા ભરેલા હતાં. જેમાં મગફળી, સીંગદાણા હતાં. આ બોરીઓ હટાવીને જોતાં વચ્ચે સફેદ કલર અને પીળા કલરના બાચકા દેખાયા હતાં. જેને સેલોટેપથી પેક કરેલા હતાં. આવા ૧૧ પાર્સલ ખોલીને જોતાં અંદરથી માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.

એફએસઅલ અધિકારીએ તે ગાંજો હોવાનો અભિપ્રાય આપ્યો હતો. પોલીસે કુલ રૂા. ૧૦,૯૪,૬૦૦નો ૨૧.૮૯૨ કિલોગ્રામ ગાંજો, ૩ મોબાઇલ ફોન, રોકડા ૧૦૦૦, ૭ લાખનું આઇશર, ૯,૬૫,૧૬૦ના મગફળી-સીંગદાણા મળી કુલ ૨૭,૭૨,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલાઓની પુછતાછ થતાં મહેબુબ અને હસમુખે કહ્યું હતું કે ગોંડલના જાવીદ મકરાણી અને સલમાન બ્લોચે તેમને સુરતના વ્યારા ખાતે કાઠીયાવાડી હોટેલ નજીકથી આ ગાંજાનો જથ્થો આપ્યો છે અને એક ટ્રીપ બદલ રૂા. ૩૦ હજાર ભાડુ આપશે તેમ કહ્યું હતું.

ગોંડલના માર્કેટ યાર્ડ પહેલા જાવીદ નામનો શખ્સ કોન્ટેક્ટ કરી આ પાર્સલ લઇ જશે તેમ કહ્યું હતુ. પોલીસે હાલ ફરીદ, મહેબુબ, હસમુખને પકડી લઇ ગોંડલના જાવીદ અને સલમાન બ્લોચની શોધખોળ હાથ ધરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ તેમજ પીએસઆઇ વી.ડી. ડોડીયા, પીએસઆઇ એસ.એમ.રાણા, પીએસઆઇ ડી.પી.ઝાલા તથા ડી.જે. મહેતા તથા એએસઆઇ ભરતભાઇ વનાણી, વિજયરાજસિંહ જાડેજા, ઘનશ્યામભાઇ મેણીયા, મહેશભાઇ સોલંકી તથા હેડકોન્સ. રાહુલભાઇ ગોહેલ, સંજયભાઇ અલગોતર, સુભાષભાઇ ઘોઘારી, વિજુભા જાડેજા, અમીતભાઇ ટુંડીયા, ધારાભાઇ વાનરીયા, જયરાજભાઇ કોટીલા, રવીભાઇ મકવાણા તથા કોન્સ રઘુવીરસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, નિકુજભાઇ મારવીયા, પોપટભાઇ ગમારા, મોહીલરાજસિંહ ગોહીલ, કિશનભાઇ પાંભર, મહાવીરસિંહ જાડેજા, ડ્રાઇવર પો. કોન્સ રામશીભાઇએ આ કામગીરી કરી હતી. ગોંડલના બે પેડલર પકડાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

ગઠીયાઓએ વધુ એક વખત ઇન્વીટેશન એપીકે ફાઇલથી આચર્યુ મોટુ ફ્રોડ

વૃધ્ધને મિત્રના નામે કંકોત્રી મળી ને સત્તર લાખનો ચાંદલો

ફાઇલ ઓપન કરતાં જ ફોન હેક થયોઃ વૃધ્ધ અને તેમના પત્નિના બેંક ખાતા ખાલી થઇ ગયા
અન્ય બનાવમાં મસાજ પાર્લરની સર્વિસના નામે યુવાનને પચાસ હજારનો ચૂનો લગાડાયો

રાજકોટ તા. ૩૧

અલગ અલગ એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરવાના કિસ્સા યથાવત રહ્યા હતાં. એક કોન્ટ્રાકટર હવે આવા ફ્રોડનો ભોગ બન્યા હતાં. જેમાં તેણે સત્તર લાખની રકમ ગુમાવી દીધી હતી. તેના વ્હોટ્સએપમાં મિત્રના નંબર પરથી વેડીંગ કાર્ડની એપીકે ફાઇલ આવી હતી. તેણે ઉત્સુકતા સાથે આ ફાઇલ ઓપન કરતાં જ ફોન હેક થઇ ગયો હતો અને તેના તેમજ તેમના પત્નિના બેંક ખાતામાંથી સત્તર લાખ ગાયબ થઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા ચોસઠ વર્ષીય સરકારી કોન્ટ્રાક્ટર સાથે લગ્નના ડિજિટલ આમંત્રણની એપીકે ફાઇલ દ્વારા રૂપિયા૧૭,૦૪,૦૭૬ની સાયબર છેતરપિંડી થઈ હતી. મિત્રના વોટ્સએપ નંબર પરથી આવેલી આ શંકાસ્પદ ફાઇલ ડાઉનલોડ કરીને ઓપન કરતાં જ તેમનો મોબાઇલ હેક થયો હતો. પરિણામે, અજાણ્યા ઠગોએ ફરિયાદી અને તેમનાં પત્નિ સુધાબેનના વિવિધ બેંક ખાતાઓમાંથી તમામ નાણાં અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.

વધુ માહિતી અનુસાર સિનિયર સિટીઝનને તેમના મિત્રના નંબર પરથી લગ્નની પત્રિકા ધરાવતી એપીકે ફાઇલ મળી હતી, જે તેમણે અજાણતા ઓપન કરી હતી. આ જ ફાઇલ તેમના નંબર પરથી અન્ય મિત્રોને પણ મોકલાઈ ગઈ હતી. ત્યારબાદ તેમને બેંક



ખાતામાંથી પૈસા ઉપડી ગયાના મેસેજ મળ્યા હતા, જેમાં કુલ ૧૭,૦૪,૦૭૬ ગાયબ થઈ ગયા હતા. ખાતામાંથી મોટી રકમ ઉપડી જતાં દંપતી તાત્કાલિક પોતાની બેંકની શાખાએ પહોંચ્યું હતું. બેંક મેનેજરે પરિસ્થિતિ સમજીને તેમને સાયબર ક્રાઇમના ટોલ ફ્રી નંબર ૧૯૩૦ પર ત્વરિત સંપર્ક કરવા સલાહ આપી હતી. આથી સુધાબેને ૧૯૩૦ પર કૉલ કરીને ઘટનાની પ્રાથમિક ફરિયાદ નોંધાવી હતી અને નેશનલ સાયબર ક્રાઇમ પોર્ટલ પર પણ અરજી સબમિટ કરી હતી.

આ ઘટના બાદ સિનિયર સિટીઝન દંપતી પોતાના પૂર્વ નિર્ધારિત પ્રવાસ મુજબ અમેરિકા જતું રહ્યું હતું. ઓગસ્ટ મહિનામાં વિદેશથી પરત આવ્યા બાદ પણ ગુમાવેલી રકમમાંથી એક પણ રૂપિયો પાછો મળ્યો ન હતો. આખરે નાણાં પરત ન મળતાં અને સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની ખાતરી થતાં તેમણે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અધિકૃત ફરિયાદ નોંધાવી હતી.

બીજી એક ઘટનામાં અમદાવાદ શહેરમાં પાલડી વિસ્તારમાં રહેતા ચોવીસ વર્ષીય યુવક સાથે સ્પા મસાજની સર્વિસ આપવાના બહાને ઓનલાઈન પચાસ હજારની છેતરપિંડી આચરવામાં આવી છે, જે અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પાલડીના યુવકે ઈન્સ્ટાગ્રામ પર સ્પાની જાહેરાત જોઈ લિંક પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ ટેલિગ્રામ અને મોબાઈલ નંબર દ્વારા સંપર્કમાં આવેલા અજાણ્યા શખ્સોએ પાલડી ચાર રસ્તા પાસેની હોટલનું લોકેશન આપી શરૂઆતમાં રૂ. ૧૯૯ અને રૂ. ૧૫૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં સેટી ડિપોઝીટ અને કંપની રજિસ્ટ્રેશન રિફંડેબલ હોવાનું કહી કટકે કટકે કુલ રૂ. ૫૦,૨૫૫ પડાવી લીધા હતા. સર્વિસ ન મળતાં યુવકે નાણાં પરત માગતાં ઠગબાજોએ નંબર બ્લોક કરી દીધો હતો.

અન્ય એક ગુનાખોરી જોઇએ તો થલતેજમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હસમુખભાઈ પટેલસવારે વોકિંગમાં નીકળ્યા હતા. સાલ હોસ્પિટલ નજીક હનુમાનજી મંદિરે દર્શન કર્યા બાદ સાંઈબાબાના મંદિરે જઈ રહ્યા હતા ત્યારે ગેટ પાસે બાઈક પર આવેલા બે શખ્સોમાંથી પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાંથી રૂદ્રાક્ષની સોનાની માળા ઝૂંટવી લીધી હતી. બાઈકચાલકો ડ્રાઈવ-ઈન સિનેમા રોડ તરફ નાસી છૂટ્યા હતા, જે મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. તહેવારના દિવસોમાં આવા બનાવો વધી જતાં હોય છે.

વ્યાજ કઢાવતા આવડે છે કહી ધમકી

કોઠારીયામાં રહેતાં મહિલાએ એક લાખ વીસ હજાર સામે ચાર લાખ દીધા તો'ય વધુ બે લાખની ઉઘરાણીઃ વ્યાજખોરે ઘરે આવીને દીધી ધમકીઃ રાતોરાત અઠ્ઠાવીસ હજાર ચુકવવાનું કહી ગાળો ભાંડીઃ આજીડેમ પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટ તા. ૩૧

વ્યાજખોરીના બનાવો રોજબરોજ કોઈને કોઇ ગામ કે શહેરમાં સામે આવતા રહે છે. સરકાર અને પોલીસ વ્યાજખોરીના દૂષણને ડામવા પ્રયત્નશીલ છે પણ તેમાં નક્કર સફળતા મળી રહી નથી. રાજકોટમાં વધુ એક આવી ઘટના પોલીસ ચોપડે ચડી હતી. જેમાં એક મહિલાએ ત્રણ વર્ષ પહેલા એક શખ્સ પાસેથી એક લાખ વીસ હજાર લઇ તેની સામે ચાર લાખ ચુકવી દીધા તો પણ તેણે વધુ બે લાખ માંગી ઘરે પહોંચી અત્યારે જ અઠ્ઠાવીસ હજાર વ્યાજના આપી દો નહિતર ટાંટીયા ભાંગી નાંખીશ તેવુ કહી ભાગી ગયો હતો. વ્યાજખોરી મામલે આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયામાં રહેતાં અને ઘરે બેઠા ઇમિટેશનનું કામ કરતાં મહિલાએ રાજકોટના વ્યાજ વટાવની ડાયરી ચલાવતાં શખ્સ પાસેથી બે કટકે રૂા. ૧ લાખ ૨૦ હજાર લીધા હતાં. જેમાં દર અઠવાડીયે ૧૪૦૦ લેખે અને બાદમાં ૩૫૦૦ લેખે નાણા ચુકવ્યા હતાં. ત્રણ વર્ષ સુધીમાં કુલ ૪ લાખ ચુકવી દીધા છતાં આ શખ્સે ઘરે આવી અત્યારે ને અત્યારે ૨૮ હજાર વ્યાજના આપવા પડશે નહિતર ટાંટીયા ભાંગીને વ્યાજ વસુલતા આવે છે તેવી ધમકી દઇ વધુ બે લાખની માંગણી કરતાં અંતે ફરિયાદ દાખલ કરાવી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે મુળ ગોંડલના મોટા માંડવા ગામના અને હાલ કોઠારીયા સરદાર ચોક માઇલસ્ટોન એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧૦૨માં રહેતાં અને ઇમિટેશનનું કામ કરતાં દિપાલીબેન આશિષભાઇ માનસરા નામના સાડત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી આશિષ બાવાજી નામના શખ્સ વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર દિપાલીબેન હાલ રાજકોટ



કનુભાઇ આહિરના મકાનમાં ભાડેથી રહે છે. તેમની સાથે પરિવારમાં પતિ, દિકરી, બે દિકરા રહે છે. પતિ સિક્યુરીટી ગાર્ડની નોકરી કરે છે. પોતે ઘરે બેઠા ઇમિટેશનનું કામ કરે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારે વર્ષ ૨૦૨૩માં રૂપિયાની જરૂર પડતાં રાજકોટમાં વ્યાજ વટાવની ડાયરીનો ધંધો કરતાં આશિષ બાવાજી પાસેથી રૂા. ૨૦ હજાર વ્યાજે લીધા હતાં. તેણે મને ૨૦ હજારના ત્રણ મહિના સુધી રૂા. ૧૪૦૦ લેખે દર અઠવાડીએ આપીને પુરા કરી દેવાના તેવી વાત કરી હતી.

આ પછી ૬ હજાર પહેલેથી જ કાપી લેશે તેમ કહેતાં મેં હા પાડી હતી. બાદમાં આશિષે મારા બેંક ખાતામાં ૨૦ હજાર ટ્રાન્સફર કર્યા હતાં. જે રકમ મેં ઉપાડી લીધી હતી અને તેમાંથી ૬ હજાર વ્યાજના તેને ચુકવી દીધા હતાં. આ પછી દર અઠવાડીએ હું રૂા. ૧૪૦૦ આશિષના બેંક ખાતામાં જમા કરાવતી હતી અને ક્યારેક રોકડા આપી દેતી હતી. ત્રણેક મહિના સુધી મેં નિયમીત રૂપિયા ચુક્ત્યા હતાં. બાદમાં વધુ રકમની જરૂર પડતાં મેં તેની પાસે ૧લાખ માંગતા તેણે ૫૦-૫૦ હજાર બે કટકે મારા ખાતામાં જમા કરાવ્યા હતાં. જેમાંથી અગાઉથી જ ૩૧ હજાર કાપી લીધા હતાં. બાદમાં દર અઠવાડીએ રૂા. ૩૫૦૦ લેખે હું તેને રકમ જમા કરાવતી હતી. મેં તેને વ્યાજ સુધી તમામ રકમ ચુકવી દીધી છે.

આમ છતાં તે હજી વ્યાજ આપવાનું છે તેમ કહી બે લાખની ઉઘરાણી ચાલુ રાખી છે. મેં ચારેક મહિના સુધી તેને ૬ હજાર ચુકવ્યા હતાં, મારી પાસે પૈસા ન હોઇ મેં બીજા પાસેથી લઇને પણ રકમ ચુકવી દીધી હતી. પણ હવે હું રૂપિયા ભરી શકું તેમ ન હોઇ અઠવાડીયાથી મેં તેને રૂપિયા આપવાનું બંધ કરી દીધુ હતું. કુલ મળીને મેં તેને ૪ લાખ જેવી રકમ ચુકવી દીધી છે. આમ છતાં તે હજુ બે લાખની ઉઘરાણી કરી ધમકી આપે છે. દરમિયાન ૨૮/૧૦ના રાતે દસેક વાગ્યે હું અને મારા પતિ તથા દિકરી ઘરે હતાં ત્યારે આશિષ ઘરે આવ્યો હતો અને અમને બહાર બોલાવતાં અમે બહાર જતાં રૂા. ૨૮ હજાર અત્યારે ને અત્યારે આપો તેમ કહી ઉઘરાણી કરી હતી.

તેણીએ વધુમાં કહ્યું કે મેં અને મારા પતિએ અત્યારે પૈસા નથી તેમ કહેતાં તે મારા નામનું એક્ટીવા જીજે૦૩એનઆર-૦૫૦૭ તેણે લઇ લીધુ હતું. તેમજ તેણે ધમકી આપી હતી કે રૂપિયા નહિ આપો તો ટાંટીયા ભાંગીને મને રૂપિયા કઢાવતા આવડે છે. મેં આશિષ પાસેથી ૨૦૨૩માં ૧ લાખ ૨૦ હજાર વ્યાજે લીધા હોઇ તેની સામે ૪ લાખ ભરી દીધા છતાં હજુ વધુ બે લાખની ઉઘરાણી કરી સતત ધમકી આપી ગાળો દેતો હોઇ ઘરે આવી વ્યાજની ઉઘરાણી કરતો હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં તેણીએ જણાવતાં આજીડેમ પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ કે. જે. કુરીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

એક પણ દિવસ ખાલી જવા દેતાં નથી સાયબર ગઠીયાઓઃ ચાર નવા કિસ્સા

IPO, ગેસ બીલ, OTPના નામે ત્રણ છેતરાયા

ચોથી ઘટનામાં કંપનીના એન્જિનીયરને વાહનનો ૧૦૦૦ રૂપિયાનો મેમો બાકી હોવાનો મેસેજ મોકલી દોઢ લાખનો ચાંદલો કરી દેવાયો

રાજકોટ, તા. ૩૧

સાયબર ઠગાઇના બનાવો એક દિવસ પણ ન બન તેવુ કદી બનતું નથી. વધુ ત્રણ અલગ અલગ કિસ્સામાં ગઠીયાઓએ લોકોના નાણા સેરવી લીધા હતાં. જેમાં એક બનાવમાં કાપડના વેપારી આઇપીઓ ભરવા જતાં નવ્વાણુ હજાર ગયા હતાં. બીજી તરફ ગેસ બીલ અપડેના નામે એક વૃધ્ધે છન્નુ હજાર ગુમાવી દીધા હતાં. જ્યારે ઇલેક્ટ્રીકના વેપારીને સોથી વધુ ઓટીપી મોકલી તેમની સાથે સાયબર ફ્રોડ આચરી પંચાવન હજાર ઉપાડી લેવાયા હતાં. આમ સાયબર ગઠીયાઓએ ત્રણ કિસ્સામાં જે મળે તે મુજબ ઠગાઇ આચરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ત્રણેય કિસ્સા અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નોંધાયા હતા. ઓનલાઈન ઠગાઈના ત્રણ અલગ-અલગ બનાવોમાં ગઠિયાઓએ વેપારીઓ પાસેથી કુલ રૂ. અઢી લાખ પડાવી લીધા છે. મણિનગરમાં કાપડના વેપારી આઇપીઓ ભરવા જતાં રૂ. ૯૯ હજાર ગુમાવ્યા છે, કાલુપુરમાં અદાણી ગેસ બિલ અપડેટના નામે વૃદ્ધ વેપારી સાથે રૂ. ૯૬ હજારની ઠગાઈ થઈ છે, જ્યારે ખાડિયામાં ઇલેક્ટ્રિકના વેપારીને ૧૦૦ થી વધુ ઓટીપી મોકલી બારોબાર રૂ. ૫૫ હજાર ઉપાડી લેવાયા હતાં. આ ત્રણેય બનાવો અંગે મણિનગર, કાલુપુર અને ખાડિયા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે જણાવ્યું કે મણિનગરમાં રહેતા કાપડના વેપારી નરેશભાઈ મતલાણી મોબાઈલથી આઈપીઓ ભરી રહ્યા હતા ત્યારે શંકાસ્પદ ફિઝપેડોટઈન નામના વેબપેજ પર રૂ. ૯૯ હજારની રકમ દેખાઈ હતી. તેઓ બહાર નીકળે તે પહેલાં જ ઓટો-ઓટીપી એન્ટર થઈ જતાં તેમના ક્રેડિટ કાર્ડમાંથી ઝિન્કા લોજિસ્ટિક્સના નામે નવ્વાણુ હજાર કપાઈ ગયા હતા. વેપારીએ આ અંગે મણિનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટના જોઇએ તો કાલુપુરના એકતોર વર્ષીય મોતીકામ કરતા વેપારી કેયુરભાઈ ઝવેરીને અદાણી ગેસમાંથી રાજીવ કુશવાહા નામે ફોન આવ્યો હતો. ગઠિયાએ વોટ્સએપ પર ફોર્મ મોકલી તેમાં કન્ઝ્યુમર આઈડી, બેંક ખાતા અને ડેબિટ કાર્ડની વિગતો ભરાવી લીધી હતી. બીજા દિવસે વેપારીના બેંક ખાતામાંથી કટકે કટકે રૂ. ૯૬ હજાર



ઉપડી જતાં તેમણે કાલુપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ત્રીજા બનાવમાં

ખાડિયા વિસ્તારમાં ઇલેક્ટ્રિકની દુકાન ચલાવતા ક્રિષ્નાકુમાર રાજપુરોહિતને ગત અચાનક વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મના ૧૦૦ થી વધુ ઓટીપી મેસેજ આવ્યા હતા. તેમણે મોબાઈલ ચેક કરતાં તેમના ત્રણ અલગ-અલગ બેંક એકાઉન્ટમાંથી બારોબાર રૂ. પંચાવન હજાર ઉપડી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. વેપારીએ આ સાયબર ફ્રોડ અંગે ખાડિયા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ગઠિયા સામે ફરિયાદ નોંધાવી હતી. આમ સાયબર ગઠીયાઓએ જ્યાથી જે મળે એ ઉસડી લઇ કુલ અઢી લાખ ગપચાવી લીધા હતાં.

ચોથા કિસ્સામાં કલોલ શહેરમાં રહેતા એક પ્રાઇવેટ કંપનીના એન્જિનિયરને સાયબર ઠગોએ વાહનના ટ્રાફિક મેમાની ખોટી લિંક મોકલી હતી . જેના પર ક્લિક કરતાંની સાથે નામની એપ્લિકેશન જાતે જ ડાઉનલોડ થઈ ગયા પછી ઠગોએ મોબાઈલ હેક કરી જુદી જુદી બેંકોમાંથી કુલ ૧,૪૮,૪૯૯ રૂપિયા સેરવી લીધા હોવાની કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. શીવાલય ટેનામેન્ટ્સ ખાતે રહેતા અને ધાનોટ ગામની સીમમાં આવેલી નેચરલ સ્ટોરેજ સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં ડિઝાઇન એન્જિનિયર તરીકે નોકરી કરતા કુલદિપસિંહ મહેન્દ્રસિંહ રાજપૂત પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન બપોરના અરસામાં તેમના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી તેમના વાહનનો ૧૦૦૦ રૂપિયાનો મેમો બાકી હોવાનો મેસેજ આવ્યો હતો.

તેમણે આ મેસેજની નીચે આપેલી લિંક પર જીઇટી પીડીએફ લખેલું હતું, જેના પર ક્લિક કરતાં જ એન્જિનિયરના મોબાઈલમાં એમપરિવહન નામની એપ્લિકેશન જાતે જ ડાઉનલોડ થઈ ગઈ હતી. એપ ખુલી બાદ ચલણ જોવા માટે એક રૂપિયાનો ન્યૂનતમ ચાર્જ ભરવાનું જણાતા તેમણે ગુગલ પેનો પાસવર્ડ નાખી ટ્રાન્ઝેક્શન કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પાસવર્ડ ઈનવેલિડ બતાવ્યો હતો. ત્યારબાદ શંકા જતાં તેમણે આરટીઓ ઈ-ચલણના સત્તાવાર પોર્ટલ પર તપાસ કરી તો કોઈ જ મેમો ન હોવાનું જણાયું હતું.

જેથી તેમણે તરત જ ડાઉનલોડ થયેલી એપ્લિકેશન અનઇન્સ્ટોલ કરી દીધી હતી. પરંતુ આ પ્રક્રિયા દરમિયાન ઠગોએ એન્જિનિયરના ફોનનો કાબૂ મેળવી લીધો હતો. બાદમાં તેમના ફોન પર કૉલ ફોરવર્ડિંગ થઈ ગયાનો મેસેજ આવ્યો હતો અને ત્યારબાદ મોબાઈલમાં બેંકો તરફથી ઓટીપી અને ટેક્સ મેસેજોનો મારો શરૂ થઈ ગયો હતો. જે અંગે તપાસ કરતાં બેંકના રૂપેય ક્રેડિટ કાર્ડમાંથી ૪૫,૫૪૦ રૂપિયા, એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ૯૯,૦૦૦ રૂપિયા, સેન્ટ્રલ બેંકના ખાતામાંથી ૩૯૫૮ રૂપિયા તેમજ એક્સિસ બેંકના ખાતામાંથી એક રૂપિયો એમ કુલ મળીને ૧,૪૮,૪૯૯ રૂપિયાની રકમ અજાણ્યા આઈડી દ્વારા સેરવી લેવામાં આવી હતી.

અચાનક ઉપરા ઉપર દસ ટેક્સ મેસેજ આવ્યા ચેક કરતાં જ વૃધ્ધા ગભરાઈ ગયા

ન OTP, ન ટ્રાન્જેક્શન છતાં બે બેંક ખાતા ખાલી

સાયબર ગઠીયાઓએ તદ્દન નવતર તુક્કાથી આચર્યુ ફ્રોડઃ વૃધ્ધા કોઇ એપ પણ મોબાઇલમાં વાપરતાં નથીઃ છતાં ઠગાઈનો ભોગ બની ગયા

બીજા કિસ્સામાં પંદર લાખની લૂંટનો ભેદ પોલીસે ઉકેલ્યોઃ દેણુ ચુકવવા વેપારીએ પોતાના જ શરીરે છરીના ઘા મારી રચ્યુ હતું નાટક

રાજકોટ તા. ૩૧

સાયબર ગઠીયાઓ રોજબરોજ નવા જુના તુક્કાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરતાં રહે છે. આ વચ્ચે વધુ એક ઠગાઇ થઇગઇ હતી. જેમાં કોઇપણ પ્રકારના ટ્રાન્જેકશન કે ઓટીપી વગર જ નિવૃત જીવન જીવતાં વૃધ્ધાના બેંક ખાતામાંથી રોકડ ગાયબ થઇ જતાં સાબયર ક્રાઇમ પોલીસ પણ આ નવા નુસ્ખાને જાણીને માથું ખંજવાળી રહી છે. ગઠીયાઓ અલગ અલગ રીતે લોકોને છેતરતાં રહે છે. જેમાં આ વખતે સાવ નવુ જ ગતકડુ લાવ્યા છે. વૃધ્ધાના બે બેંક ખાતામાંથી રકમ ઉપડી ગઇ હતી. સાયબર ગઠીયાઓની આ યુક્તિને જાણવા સાયબર ક્રાઇમ પોલીસ મથામણ કરી રહી છે.

વિગતો પર નજર કરીએ તો પાટનગરગાંધીનગર શહેરના સેક્ટર ૨૨ સ્થિત આનંદવાટીકા સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા એકસઠ વર્ષીય વૃધ્ધાને કોઈપણ પ્રકારના ટ્રાન્જેકશન કે ઓટીપી શેર કર્યા વિના સાયબર ઠગોએ બે અલગ-અલગ બેંક ખાતામાંથી બે લાખ વીસ હજારનો ચુનો લગાવી દેતાં આ અંગે સેકટર ૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. શહેરના સેક્ટર ૨૨ સ્થિત આનંદવાટીકા સોસાયટીમાં રહેતા ઝંખનાબેન ભદ્રવદનલાલ વછરાજાની સાંજે પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના મોબાઈલ નંબર પર અચાનક એક પછી એક આશરે દશેક જેટલા ટેક્સ્ટ મેસેજ આવ્યા હતા.

તેમણે ગભરાટમાં મેસેજ ચકાસતા ખબર પડી કે સેક્ટર ૨૨ સ્થિત બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૧,૨૦,૨૯૯ તેમજ એરફોર્સ સ્ટેશન સેક્ટર ૧૦ ખાતે આવેલી ઇન્ડિયન ઓવર્સીસ બેંકના ખાતામાંથી કુલ રૂ. ૯૯,૯૬૬ એમ બંને ખાતામાંથી કુલ રૂ. ૨,૨૦,૨૬૪ ડેબિટ થઈ ગયા છે. મહત્વનું છે કે ઝંખનાબેન દ્વારા પોતાના બેંક ખાતામાંથી કોઈ જ વ્યવહાર કરવામાં આવ્યો નહોતો. એમાંય તેઓ ઓનલાઈન એપ્લિકેશનનો પણ ઉપયોગ કરતા નથી અને તેમણે કોઈને પણ પોતાનો વન-ટાઈમ પાસવર્ડ કે અન્ય કોઈ ગોપનીય માહિતી આપી ન હોવા છતાં તેમના ખાતામાંથી નાણાં ઉપડી ગયા હતા. અચાનક નાણાં



બારોબાર ઉપાડી લેવાતા તેમને સાયબર ફ્રોડ થયાનો અહેસાસ થયો હતો.

સાયબર ફ્રોડના આ નવા જ બનાવ અંગે મહિલાએ સાયબર ક્રાઇમની રાષ્ટ્રીય હેલ્પલાઇન લાઇન નંબર ૧૯૩૦ પર ફોન કરીને પોતાની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશન દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવતા તેમણે વિગતવાર ફરિયાદ નોંધાવી હતી. ડિજિટલ યુગમાં સાયબર ઠગાઈના વધતા જતા બનાવો વચ્ચે વૃદ્ધ અને નિવૃત્ત નાગરિકો પણ રોજબરોજ હવે હેકર્સ અને સાયબર અપરાધીઓના નિશાના પર આવી રહ્યા છે, જેણે સુરક્ષા સામે ગંભીર સવાલો ભા કર્યા હોઇ સાયબર ક્રાઇમ પોલીસ ગઠીયાઓની આ કારીગીરીને ભેદવા વધુ ઉંડી ઉતરવા મહેનત કરી રહી છે.

અન્ય કિસ્સામાં પોલીસે લૂંટની જાહેર થયેલી ઘટનામાં દુધનું દુધ ને પાણીનું પાણી કર્યુ હતું. ફરિયાદી જ અહિ આરોપી સાબીત થયોહ તો. અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં આવેલા શોપીંગ સેન્ટરમાં વેપારીને બંધક બનાવીને છરીના ૮-૧૦ ઘા ઝીંકીને વીસીના ૧૫ લાખ લૂંટીને લૂંટારૂઓ ભાગી ગયાનો બનાવ બન્યો હતો. આ બનાવ અંગે પોલીસે સીસીટીવી તપાસતા ભોગ બનનારે જણાવેલી હકીકત ખોટી જણાઈ હતી. જેથી વેપારીને હોસ્પિટલમાંથી રજા આપતા પોલીસે કડકાઈથી પૂછપરછ કબૂલાત કરી હતી કે, તેને બેંકના હમા અને વીસીના ૨૨.૫૦ લાખ ચુકવવાના હતા, પરંતુ આર્થિક સંકળામણ હોવાથી તેણે પોતાના પર જ હુમલો કરીને લૂંટની ખોટી થિયરી ઉભી કર્યાનો ખુલાસો થયો હતો.

પોલીસે વધુમાં જણાવ્યું કે દરિયાપુરમાં જીવણપોળમાં રહેતા મોહમદ સાજીદ શેખ ગારમેન્ટનો વેપાર કરે છે. મોહમદ સાજીદ શેખ તેમના વેપારી અને મિત્રો સાથે મળીને વીસી ચલાવે છે અને તે વ્યવહાર પોતાની પાસે રાખે છે.તે ઘરે જવા નીકળ્યા ત્યારે પ્રીમિયમ શોપિંગ સેન્ટરના ભોયરામાં લૂંટારૂઓએ આવીને તેમના પર હુમલો કરીને પંદર લાખની લૂંટ કરી હોવાની કેફિયત ઉભી કરી હતી. જ્યારે શાહપુર પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી સીસીટીવી તપાસ્યા ત્યારે કોઈ કડી મળી ન હતી.

પરંતુ વેપારીએ જણાવેલી હકીકતમાં વિસંગતતા જણાઇ આવી હતી. જેથી તપાસની શરૂઆતથી જ મોહમદ સાજીદ શેખ શંકાના દાયરામાં હોવાથી તેને હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ પોલીસે કડકાઈથી પૂછપરછ કરી હતી. આ દરમિયાન વેપારી મોહમદ સાજીદ શેખ ભાંગી પડ્યો હતો. તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે તેણે ધંધા માટે અલગ અલગ બેંકમાંથી લોન લીધી હતી. જેના હમા અને વીસીના સભ્યોને ટુંકા સમયમાં ૨૨.૫૦ લાખ આપવાના હતા, પરંતુ આર્થિક સંકળામણના લીધે તે આ હિસાબ પૂરો કરી શકે તેમ નહોતુ. જેથી વેપારી મોહમદ સાજીદ શેખે લૂંટના બનાવનું ચિત્ર ઉભુ કરીને ખોટી ફરિયાદ લખાવી હતી.વેપારીએ પોતે જ પોતાના શરીર પર છરીના ૧૦ ઘા માર્યા હતા. શાહપુર પોલીસે લૂંટની ફરિયાદ ખોટી હોવાનું પુરવાર કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ઘર બહાર શેરીમાં બેઠો હતો તેમાં પાડોશી ઉકળી ઉઠ્યા

અનિલને છરીના ઘા ઝીંકી ઘરમાં કરી તોડફોડ

નવા થોરાળાનો બનાવઃ યુવાને ચાર જણા વિરૂધ્ધ થોરાળા પોલીસમાં ફરિયાદ કરી :માથાકુટની અન્ય ઘટનામાં પુનિતનગર પાસે ઝૂપડામાં રહેતાં આધેડ દાઝ્યાઃ મિત્રએ સળગાવી દીધાનો આક્ષેપ થતાં તપાસ : મારામારીની ત્રીજી ઘટનામાં યુવતિને મારકુટ કરનારને ટપારતાં વેપારીને છરી ઝીંકી દેવાઇ

રાજકોટ તા. ૩૧

શહેરમાં માથાકુટના બનાવો રોજેરોજ બનતા રહે છે. અમુક ઘટનાઓમાં તો કારણો પણ નહિ જેવા હોય છે. વધુ એક આવી બબાલ થઇ હતી. જેમાં શેરીમાં બેઠેલા યુવાનને તું અહિ કેમ બેઠો છો, ઘરમાં જા, આ માકાન અમે લઇ લીધુ છે તેમ કહી હુમલો કર્યો હતો. તેમજ તેના ઘરમાં પણ તોડફોડ કરી હતી. છરીના ઘાથી લોહીલુહાણ થયેલો આ યુવાન સારવાર માટે દાખલ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો નવા થોરાળા મેઇન રોડ પર ટ્રેકટર ચોકથી આગળ મફતીયાપરામાં રહેતા અને ભંગારનો ધંધો કરતા અઠ્ઠાવીસ વર્ષના અનિલ ઉર્ફે વાવાઝોડુ દિલીપભાઇ મકવાણા નામનો યુવાન થોરાળા મેઇન રોડ પર પોતાના ઘર પાસે બેઠો હતો ત્યારે ચાર શખ્સોએ અહી અમે મકાન લીધેલ છે તમે શેરીમાં કેમ બેઠા છો ? કહી ચાર શખ્સોએ છરી વડે હુમલો કરી તેના ઘરમાં ઘુસી તેના પિતાને તમાચા ઝીંકી ઘરમાં અને ઘર બહાર પાર્ક રીક્ષામાં તોડફોડ કર્યાની થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવી હતી.

વધુ માહિતી અનુસાર આ મામલે અનિલે વિજય રાજેશભાઇ ઉર્ફે રૂડી પરમાર, કમલેશ ઉર્ફે અગો રાજેશભાઇ, અજીત ઉર્ફે ટેબો રાજેશભાઇ અને અમીત ઉર્ફે હોજરી રાજેશભાઇ સામે થોરાળા પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે રાત્રે સાડા અગીયારેક વાગ્યે તે થોરાળા મેઇન રોડ પર ચારબાઇ માતાજીના મંદીર પાસે શેરીમાં બેઠો હતો ત્યારે ત્યાં ધસી આવેલા વિજયે અહી અમે મકાન ભાડે લીધેલ છે. શેરીમાં કેમ બેઠો છો? કહી અપશબ્દો બોલી કાઠલો પકડી લઇ છરીનો એક ઘા જમણા પડખામાં ઝીંકી દેતા ઇજા થઇ હતી.

જેથી તે ભાગીને ઘરે પહોંચ્યા બાદ પરિવારજનોને આ અંગે વાતચીત કરી હોસ્પીટલે જવા રવાના થયો હતો. આ સમયે વિજય ઉપરાંત તેના ત્રણેય ભાઇઓ મળી ચારેય આરોપીઓએ તેના ઘર પાસે ધસી જઇ ઘરબહાર પાર્ક રીક્ષાનો કાચ તોડી નાખ્યો હતો. ત્યાર બાદ ઘરમાં ઘુસી એસી, ટીવી, વગેરેમાં તોડફોડ કરી તેના પિતાને તમાચો ઝીંકી દીધો હતો. બાદમાં ચારેય જેમ ફાવે તેમ બોલી ત્યાંથી નિકળી ગયા હતા. થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.



માથાકુટની અન્ય એક ઘટનામાં શહેરના ગોંડલ રોડ પર પુનિતગનરના ટાકા પાસે ઝૂપડામાં રહેતાં મારવાડી આધેડ રાતે ઝૂપડા પાસે દાઝેલી હાલતમાં મળતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસડાયા છે. તેણે પોતાને એક વર્ષ પહેલાના મનદુઃખને કારણે પોતાના જ જુના મિત્રએ પેટ્રોલ છાંટી સળગાવી દીધાનું રટણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. પુનિતનગર પાણીના ટાંકા પાસે રાતે બારેક વાગ્યે ઝૂપડામાં રહેતાં ભીમાભાઇ કાનાભાઇ મારવાડી નામના આધેડ દાઝી ગયાનો કોલ આવતાં ૧૦૮ પહોંચી હતી અને તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી.

સારવાર દરમિયાન સવારે ભાનમાં આવેલા ભીમાભાઇએ જણાવ્યું હતું કે મારા પત્નિ અને સંતાનો મને છોડીને અલગ રહે છે. હું મારા વૃધ્ધ માતા સાથે રહુ છું અને છુટકક મજુરી કરી ગુજરાન ચલાવુ છું. રાતે મારો જુનો મિત્રો સોમા મારવાડી આવ્યો હતો અને મારી સાથે ઝઘડો કરીને કહ્યું હતું કે-હું તને જમાડુ છુ, રાખુ છું તો'ય તે શું કામ મારી સાથે અગાઉ મારકુટ કરી હતી. આથી મેં તેને રાત પડી ગઇ હોઇ માથાકુટ નહિ કરવા અને સવાર વાત કરશું તેમ કહેતાં તેણે અચાનક તેની પાસેનું પેટ્રોલ મારા પર ઉડાડી કાંડી ચાંપી દીધી હતી અને તે દોટ મુકી ભાગી ગયો હતો.મારા માતા વયોવૃધ્ધ હોઇ અને ભારે શરીર હોઇ તે ઝૂપડામાં સુતા હોઇ બહાર આવી શક્યા નહોતાં. મેં દેકારો મચાવતાં સામે આવેલા કારખાનામાં કામ કરતાં લોકો દોડી આવ્યા હતાં અને આગ ઓલવી હતી. કોઇએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડ્યો હતો. એક વર્ષ પહેલા મારે મિત્ર સોમા સાથે ચા પીવા મામલે માથાકુટ થઇ હતી. તેનો ખાર રાખી તેણે આવુ કર્યુ હતું. ભીમાભાઇના આક્ષેપો અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી. તેમને ખરેખર સળગાવાયા કે જાતે સળગ્યા તેની તપાસ થઇ રહી છે.

મારામારીની ત્રીજી ઘટનામાં મોરબીમાં રહેતાં અને લાલપર રોડ પર ડાયનીંગ હોલ ચલાવતાં વેપારી રાતે દિવાળીની સાફસફાઇ કરાવી રહ્યા હતાં ત્યારે ઉપરના ભાગે સ્પા ચલાવતો શખ્સ તેની સાથેની યુવતિને મારકુટ કરતો હોઇ આ વેપારી વચ્ચે પડતાં તેના પર આ શખ્સે હુમલો કરી છરીના ઘા ઝીંકી દેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. મોરબીમાં ઉમા ટાઉનશીપ ખાતે રહેતાં બાવન વર્ષના જીતેન્દ્રભાઇ છગનભાઇ હીંગરાજીયા રાતે એકાદ વાગ્યે લાલપર રોડ પર આવેલા પોતાના પટેલ એસી ડાયનીંગ હોલ ખાતે હતાં

આ વખતે ડાયનીંગ હોલની ઉપરના ભાગે સ્પા ચલાવતાં પવન ઉર્ફે પવા નામના શખ્સે ઝઘડો કરી છરીથી ઇજાઓ પહોંચાડતાં મોરબી સારવાર લઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. જીતેન્દ્રભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના છે અને સંતાનમાં બે દિકરા તથા બે દિકરી છે. તેણે કહ્યું હતું કે રાતે ડાયનીંગ હોલમાં સફાઇ કામ ચાલુ હતું ત્યારે ઉપર સ્પા ચલાવતો પવન ઉર્ફે પવો ડાયનીંગ હોલની સામે જ તેની સાથે રહેતી યુવતિને મારકુટ કરતો હતો. દેકારો થતાં હું ત્યાં ગયો હતો અને તેને મારકુટ નહિ કરવા સમજાવતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને ઉપર જઇ છરી લાવી તૂટી પડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

કંપનીના બોસનો ફોટો વ્હોટ્સએપ ડીપીમાં મોકલી તેના નામે મેસેજ કરી જાળ બીછાવી

સેક્રેટરીને છેતરી સાયબર ઠગોએ અેંસી લાખ ઉસેડ્યા

બોસ સ્કેમની વધુ એક ઘટના બનીઃ બીજી તરફ ડેટિંગ એપ્લિકેશન મારફતે સંપર્ક કરી સામાન્ય નાગરિકોને ઈ-કોમર્સ બિઝનેસમાં ચા વળતરની લાલચ આપી લાખો રૂપિયા પડાવતી ગેંગનો ઠગ પકડાયો

રાજકોટ તા. ૩૧

અવાર-નવાર સાયબર ગઠીયાઓ બોસના નામે જે તે કંપનીના એચઆર કે એકાઉન્ટન્ટને બોસના ફોટાવાળા ડીપીવાળા વ્હોટ્સએપ નંબરથી મેસેજ કરી છેતરીને લાખો રૂપિયા પડાવી લેતાં હોય છે. આવી ઘટનાઓ અગાઉ પણ અનેક વખત બની ચુકી છે. તાજેતરમાં રાજકોટમાં પણ બોસ સ્કેમના નામે એક કરોડ, અડધા કરોડથી વધુના બે ફ્રોડ થયા હતાં. ત્યાં હવે વધુ એક વખત એક કંપનીના સેક્રેટરીને બોસના ડીપીવાળા નંબર પરથી મેસેજ કરે સાયબર ગઠીયાઓ અેંસી લાખ પડાવી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં એક ખાનગી કંપનીના સેક્રેટરીના ફોન પર કંપનીના ડીપીવાળા નંબર પરથી માલિકનો મેસેજ આવ્યો હતો અને તેમાં આપેલી બેંકની વિગતોમાં રૂ. અેંસી લાખ ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. કંપનીના સેક્રેટરીએ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. જોકે, માલિક સાથે વાત કરતાં સમગ્ર ઠગાઈનો પર્દાફાશ થયો હતો. સાયબર ગઠિયાઓએ કંપની સેક્રેટરીનો મોબાઈલ અને સિસ્ટમ હેક કરીને માલિકનો અસલ નંબર બ્લોક કરી દીધો હતો.

ત્યારબાદ મળતા આવતા નંબર પર કંપનીનો ડીપી મૂકીને મેસેજ કરી ઠગાઈ આચરવામાં આવી હતી. આ અંગે સાયબર ક્રાઇમ બ્રાન્ચે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી અનુસાર નરોડાની લેટીસ ઇન્ડસ્ટ્રીઝમાં કંપની સેક્રેટરી તરીકે કામ કરતી સોનિકા જૈને સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી કે એક સવારે તેઓ પોતાની ઓફિસમાં હતાં. ત્યારે તેમના મોબાઇલ પર કંપનીના ડીપીવાળા નંબર પરથી બોસનો મેસેજ આવ્યો હતો. તેમાં બેંકની વિગતો આપીને તાત્કાલિક અેંસી લાખ ટ્રાન્સફર કરવા જણાવાયું હતું. સોનિકાએ સૂચના મુજબ તરત જ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી.

આ માટે ઓટીપી કંપનીના ડિરેક્ટરના ફોન પરથી મેળવ્યો હતો. થોડા સમય બાદ કંપનીના માલિક રૂબરૂ ઓફિસમાં આવ્યા



અને સોનિકાને આ અંગે પૂછપરછ કરતાં તેમણે આવો કોઈ આદેશ આપ્યો ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મોબાઇલ ચેક કરતાં માલિકના અસલ નંબરને બદલે મળતો આવતો નંબર હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું હતું કે સાયબર ગઠિયાઓએ કંપની સેક્રેટરીનો મોબાઇલ અને સિસ્ટમ હેક કરી માલિકનો અસલ નંબર બ્લોક કર્યો હતો. ત્યારબાદ મળતા આવતા નંબર પરથી મેસેજ કરીને નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. આ ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઠગાઇ જોઇએ તો સુરતમાં ડેટિંગ એપ્લિકેશન મારફતે સંપર્ક કરી સામાન્ય નાગરિકોને ઈ-કોમર્સ બિઝનેસમાં ચા વળતરની લાલચ આપી લાખો રૂપિયા પડાવતા આંતરરાજ્ય સાયબર ફ્રોડ રેકેટના એક શાતિર સાગરીતને સુરત સાયબર ક્રાઇમ સેલે ઉત્તરપ્રદેશના વારાણસીથી દબોચી લીધો હતો. પકડાયેલો આરોપી અબ્દુલ્લા ઉર્ફે સોનુ માઝીદ છે અને તે વ્યવસાયે જીમ ટ્રેનર છે અને માત્ર ધોરણ ૧૧ સુધી ભણેલો હોવા છતાં આંતરરાજ્ય છેતરપિંડી નેટવર્કમાં સક્રિય હતો. આરોપીઓએ સુરતના એક ભોગ બનનાર સાથે કુલ ૫,૮૮,૯૦૯ની ઓનલાઇન છેતરપિંડી આચરી આ ગુનો આચર્યો હતો. પોલીસે કહ્યું કે આ ગુનાની મોડસ ઓપરેન્ડી મુજબ, આરોપીઓએ સૌપ્રથમ ડેટિંગ એપ મારફતે ફરિયાદી સાથે સંપર્ક સાધી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ઈ-કોમર્સ વેપારમાં સારો નફો મળશે તેવી લાલચ આપી એક બનાવટી વેબસાઇટની લિંક મોકલી હતી.

આ ફેક સાઇટ પર ફરિયાદીનું આઇડી બનાવડાવી અલગ-અલગ બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે કુલ ૫,૮૮,૯૦૯ જમા કરાવી લીધા હતા. બાદમાં કોઈ વળતર કે મૂડી પરત ન મળતાં ભોગ બનનારે છેતરપિંડી અંગે સુરત સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં પકડાયેલા આરોપી અબ્દુલ્લા ઉર્ફે સોનુની અત્યંત મહત્વની ભૂમિકા સામે આવી હતી. આ ગુનામાં અગાઉ પકડાયેલા આરોપીના બેંક એકાઉન્ટમાંથી ફરિયાદીના ૧,૭૭,૫૯૦ અબ્દુલ્લાએ કમિશન પર મેળવેલા બેંક ખાતાઓમાં સીડીએમ મશીન મારફતે ડિપોઝિટ કરાવ્યા હતા. ત્યારબાદ અબ્દુલ્લાએ એટીએમ અને ચેક દ્વારા રોકડ ઉપાડી પોતાનું ૧૨,૫૯૦ કમિશન રાખી લીધું હતું, જ્યારે બાકીના ૧,૬૫,૦૦૦ના ક્રિપ્ટો કરન્સી ખરીદી દુબઈ સ્થિત ફરાર મુખ્ય સૂત્રધારને ટ્રાન્સફર કરી આપતો હતો. સુરત સાયબર ક્રાઇમ ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે વારાણસી ખાતે છાપો મારી આરોપી અબ્દુલ્લાને ઝડપી લીધો હતો.

ભૂમાફિયાઓ અને ગેરકાયદે કબજેદારોનું સામ્રાજ્ય દિવસે ને દિવસે બન્યું વ્યાપક

દબાણો છતાં તંત્રને માત્ર નોટિસોથી સંતોષ

તંત્ર દ્વારા મોટા પાયે ડિમોલિશન કે કડક ડ્રાઇવ ચલાવીને જમીન ખુલ્લી કરાવવાને બદલે માત્ર સામાન્ય દંડ ફટકારીને સંતોષ માનવામાં આવી રહ્યો છે

રાજકોટ, તા. ૩૧

રાજકોટ શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી જમીનો તથા ગૌચરની કિંમતી મિલકતો પર ભૂમાફિયાઓ અને ગેરકાયદે કબજેદારોનું સામ્રાજ્ય દિવસે ને દિવસે વ્યાપક બની રહ્યું છે. તંત્ર દ્વારા મોટા પાયે ડિમોલિશન કે કડક ડ્રાઇવ ચલાવીને જમીન ખુલ્લી કરાવવાને બદલે માત્ર સામાન્ય દંડ ફટકારીને સંતોષ માનવામાં આવી રહ્યો છે, જેના કારણે દબાણકારોના હોંસલા વધુ બુલંદ બન્યા છે. ચોમાસા જેવી ઋતુ પૂરી થયાને એક મહિનાથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં રાજકોટમાં સરકારી કે ગૌચરની જમીનો પર થયેલા ગેરકાયદે દબાણોને હટાવવા માટે જે તે વિભાગ દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. તંત્ર દ્વારા જમીન કૌભાંડો આચરનારા અને સરકારી સંપત્તિ પર પડાપડી કરનારા તત્વો સામે કાયદાકીય કડકાઈ દાખવવાના બદલે માત્ર કાગળની નોટિસો આપીને સંતોષ માનવામાં આવી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠી રહ્યો છે.

આ સમગ્ર પરિસ્થિતિની વિગતો જોઈએ તો, રાજકોટ નજીક આવેલા મહીકા ગામના સર્વે નંબર-૨૮૩ પૈકીની આશરે ૨૫૩૦ ચોરસ મીટર જેટલી વિશાળ જમીન પર છેલ્લા



એક દાયકાથી એટલે કે ૧૦ વર્ષથી ઓરડીઓ ઊભી કરીને ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હતું. આટલા મોટા ગેરકાયદેસર બાંધકામ સામે તંત્ર દ્વારા માત્ર ₹૨૫૦ જેવો નજીવો દંડ ફટકારીને અને બિનખેતી આકાર વસૂલીને સંતોષ માની લેવામાં આવ્યો છે, જે તંત્રની નરમ નીતિ સામે મોટા સવાલો ખડા કરે છે. આ જ પ્રકારે તાજેતરમાં રાજકોટના જામગઢ, મહીકા, કસ્તુરબાધામ અને રામપરા બેટી સહિતના વિસ્તારોમાં સરકારી જમીનો ઉપર દબાણ કરનાર ચાર આસામીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો, સાથેસાથે ૧૦ દિવસમાં દબાણ જાતે દૂર કરવા તાલુકા મામલતદાર કચેરી દ્વારા સૂચના અપાઈ છે. આમ છતાં સ્વેચ્છિક રીતે દબાણ હટાવવામાં નહીં આવે તો દિવાની બાદ ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, રામપરા બેટીના એક કેસમાં લાંબા સમયથી સર્વે નંબર-૧૧૦ પૈકીની ૬૦૦ ચો.મી. જમીન ઉપર છેલ્લા પાંચ વર્ષથી કોમર્શિયલ દબાણ અડકાઈ ગયું હતું. ઉપરોક્ત દબાણકર્તા ભારતભાઈ મેવાડાને નોટિસો આપી જમીનની માલિકીના પુરાવા માંગતા રજૂ કરી શકાવામાં આવ્યા ન હતા. પાંચ વર્ષથી દબાણ કરનાર ભારતભાઈને ₹૨૫૦ ની રકમનો દંડ સાથે આકાર વસૂલવાના અને સ્વેચ્છિક દબાણ દૂર કરવા તાકીદ કરવામાં આવી હતી. ફકત નોટિસો આપી ભૂ-માફિયા કે જમીન હડપ કરી ગેરકાયદે બાંધકામ કરતા લોકો સામે કડક કાર્યવાહી કે ડિમોલિશન કેમ નહીં? તેવા સવાલો જાગૃત નાગરિકો દ્વારા પૂછવામાં આવી રહ્યા છે. નવાર થયાં કરે છે, કેસનું હિયરિંગ પૂર્ણ થયા બાદ ડિમોલિશનની આખરી નોટિસીસ પણ જવાબદાર લોકોને આપી દેવામાં આવે છે ત્યારબાદ રાજકોટ તાલુકા મામલતદાર કચેરી દ્વારા આવા ગેરકાયદે દબાણો હટાવવામાં આવતાં નથી. જો સમયસર કાયદેસરની ડિમોલિશન કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે, તો આગામી સમયમાં સરકારી જમીનો બચાવવી મુશ્કેલ બનશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

જામગઢ, મહીકા અને રામપરા બેટીમાં તંત્રની આંખમિચામણી

રાજકોટ નજીકના જામગઢ, મહીકા, કસ્તુરબાધામ અને રામપરા બેટી જેવા વિસ્તારોમાં સરકારી મિલકતો પર ગેરકાયદે કબ્જો જમાવનારા આસામીઓને માત્ર કાગળ પર નોટિસો ફટકારવામાં આવી છે. રામપરા બેટીના સર્વે નંબર-૧૧૦ પૈકીની ૬૦૦ ચો.મી. જમીન પર છેલ્લા પાંચ વર્ષથી કોમર્શિયલ દબાણ કરનાર ભારતભાઈ મેવાડા પાસે જમીનના માલિકી હકો માંગવામાં આવ્યા છતાં તેઓ પુરાવા રજૂ કરી શક્યા નહોતા. પુરાવા ન હોવા છતાં પણ માત્ર દંડ અને આકાર વસૂલીને દબાણ જાતે જ દૂર કરવા માટે તાકીદ કરાઈ છે, પરંતુ પાંચ વર્ષ વીતી જવા છતાં જમીન ખુલ્લી કરાવવામાં નિષ્ફળતા મળી છે.

ડિમોલિશન કેમ થતું નથી? જાગૃત નાગરિકોનો રોષ

ચોમાસા જેવી ઋતુ પૂરી થયાને એક મહિનાથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં રાજકોટમાં સરકારી કે ગૌચરની જમીનો પર થયેલા ગેરકાયદે દબાણોને હટાવવા માટે જે તે વિભાગ દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. જમીન કૌભાંડો આચરનારા અને સરકારી સંપત્તિ પર પડાપડી કરનારા તત્વો સામે કાયદાકીય કડકાઈ દાખવવાના બદલે માત્ર કાગળની નોટિસો આપીને સંતોષ માનવામાં આવી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠી રહ્યો છે. જો સમયસર કાયદેસરની ડિમોલિશન કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે, તો આગામી સમયમાં સરકારી જમીનો બચાવવી મુશ્કેલ બનશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

તહેવાર ટાણે સીંગતેલ-કપાસિયા તેલના ભડકે બળતા ભાવથી પ્રજા ત્રસ્ત

રસોડાનું ગણિત ખોરવાયું



રાજકોટ, તા. ૩૧

રાજ્યમાં હાલ તહેવારોની સિઝન પૂરબહારમાં ખીલી છે અને ઘર-ઘરમાં મીઠાઈઓ તથા પકવાનની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે જ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારના રસોડા પર મોંઘવારીનો વધુ એક મોટો અને આકરો માર પડ્યો છે. ઘરગથ્થુ વપરાશમાં અનિવાર્ય એવા ખાદ્યતેલોના ભાવમાં અચાનક થયેલા ભડાકાએ લોકોનું માસિક બજેટ સંપૂર્ણપણે વેરવિખેર કરી નાખ્યું છે. બજારના પ્રવર્તમાન આંકડાઓ સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે તહેવારોના ટાણે જ તેલના ડબ્બા મોંઘા થવાથી ઉત્સવના રંગમાં ભંગ પડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગૃહિણીઓનું રસોડાનું બજેટ બેલેન્સ કરવા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સીંગતેલના પ્રતિ ડબ્બાના ભાવમાં ૧૫ રૂપિયાનો સિઝનલ વધારો ઝીંકાયો છે. આ વધારાની સાથે જ સીંગતેલનો ડબ્બો જે અગાઉ ૨૯૭૦ રૂપિયાની સપાટીએ ઉપલબ્ધ હતો, તે હવે વધીને સીધો ૩૦૩૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. માત્ર સીંગતેલ જ નહીં, પરંતુ મધ્યમ વર્ગ દ્વારા મોટા પ્રમાણમાં વપરાતા કપાસિયા તેલની સ્થિતિ પણ કંઈ જુદી નથી. કપાસિયા તેલમાં પ્રતિ ડબ્બે ૨૦ રૂપિયાનો તોતિંગ વધારો નોંધાયો છે, જેના પરિણામે કપાસિયા તેલનો ડબ્બો ૨૫૭૫ રૂપિયાથી વધીને ૨૬૨૫ રૂપિયાની ઊંચી સપાટી પર પહોંચી ગયો છે. ખાદ્યતેલોના આ પ્રકારના સતત વધી રહેલા ભાવને કારણે સામાન્ય પરિવારોની ચિંતામાં મોટો વધારો થયો છે.

આ ખાદ્યતેલ બજારમાં આગ લાગે તેવા ભાવવધારા પાછળનું સૌથી મોટું અને મુખ્ય કારણ ચાલુ વર્ષે મગફળીના ઓછા ઉત્પાદનને માનવામાં આવી રહ્યું છે. કૃષિ અને બજારના અહેવાલો મુજબ, આ વર્ષે સૌરાષ્ટ્ર સહિતના પ્રમુખ તેલીબિયાં ઉત્પાદક વિસ્તારોમાં મેઘરાજાની કૃપા ઓછી રહી છે. અપૂરતા અને અસમાન વરસાદને કારણે મગફળીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જેના કારણે ધારણા કરતા પાકનું પ્રમાણ ખૂબ જ નીચું રહ્યું છે. ઉત્પાદન ઘટવાને સીધી અસર માર્કેટ યાર્ડો પર જોવા મળી રહી છે, જ્યાં નવી મગફળીની આવક ઊંટના મોઢામાં જીરું સમાન સાબિત થઈ રહી છે.

સ્થિતિ એવી બની છે કે બજારમાં કાચા માલની ભારે અછત વર્તાઈ રહી છે. ઓછી આવક અને સામે બજારમાં ઉત્સવ ટાણે રહેલી ઊંચી માંગના સમીકરણો વચ્ચે, ગત વર્ષની સરખામણીએ મગફળીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ૪૦૦ થી ૫૦૦ રૂપિયાનો સીધો અને મોટો વધારો જોવા મળ્યો છે. મગફળીના આ ઊંચા ભાવ અને મિલોમાં પૂરતો કાચો માલ ન મળવાના કારણે તેલ મિલરો સમક્ષ પણ ગંભીર પ્રશ્નો ખડા થયા છે, જેના અંતિમ પરિણામે મિલરો દ્વારા બળજબરીપૂર્વક ખાદ્યતેલોમાં ભાવ વધારો ઝીંકવાની ફરજ પડી છે.

તેલ બજારના અગ્રણી વેપારીઓ અને નિષ્ણાતોનું સ્પષ્ટ માનવું છે કે જો આગામી દિવસોમાં રાજ્યના કૃષિ બજાર યાર્ડોમાં નવી મગફળીની આવકમાં કોઈ મોટો અને સંતોષકારક સુધારો નહીં થાય, તો ખાદ્યતેલોના આ ભડકે બળતા ભાવ નીચે આવવાની કોઈ જ શક્યતા નથી. ઉલટાનું, તહેવારોની આ મોસમમાં જો કિંમતો આ જ સ્તરે ટકી રહેશે અથવા હજી વધશે, તો સામાન્ય જનતાની મુશ્કેલીઓમાં વધુ ભરરો પડશે અને રસોડાની અર્થવ્યવસ્થા ડગમગી જશે.

મનપા ફૂડ વિભાગની શંકાસ્પદ ભૂમિકા સામે ઊઠતા ઉગ્ર સવાલો

સીલ મારેલી પેઢીઓ ગણતરીની કલાકોમાં જ કેમ ખુલી જાય છે? કોના આશીર્વાદથી ચાલે છે મોટું સેટલમેન્ટ?

રાજકોટ, તા. ૩૧

રાજકોટ મહાનગરપાલિકાનો ફૂડ વિભાગ હાલમાં શહેરભરમાં ચર્ચા અને આક્રોશનો વિષય બન્યો છે. સાર્વજનિક આરોગ્યની જાળવણી જેના શિરે છે, તે જ વિભાગની કામગીરી સામે હવે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. તહેવારો કે ચોક્કસ ઝુંબેશ દરમિયાન મોટા ડામડોળ સાથે દરોડા પાડીને પેઢીઓ સીલ કરવાની જાહેરાતો તો કરવામાં આવે છે, પરંતુ એ જ સીલ કરાયેલી દુકાનો અને કારખાનાઓ ગણતરીના કલાકોમાં કેમ ફરી ધમધમવા લાગે છે? આ સમગ્ર ખેલ કોની રહેમરાહ હેઠળ રમાઈ રહ્યો છે તે હવે મોટો પ્રશ્ન બન્યો છે. મનપાની આવી શંકાસ્પદ કામગીરીના કારણે સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે સીધા ખેલ ખેલાઈ રહ્યા છે, છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

જ્યારે ફૂડ વિભાગની ટીમ કોઈ અસ્વચ્છ કે ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ વેચતી પેઢી પર કાર્યવાહી કરીને તેને સીલ મારે છે, ત્યારે પ્રજાને એમ લાગે છે કે કાયદાનું પાલન થઈ રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે. તંત્ર દ્વારા સીલ કરાયેલી પેઢીઓ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર કે સુધારાત્મક પગલાં લીધા વિના ગણતરીના કલાકોમાં જ ફરીથી શરૂ થઈ જાય છે. શું આ કાર્યવાહી માત્ર



મીડિયા કવરેજ મેળવવાનો અને ઉચ્ચ અધિકારીઓને સંતોષવાનો જ એક દેખાડો છે? નિયમોનું પાલન કરાવવાને બદલે માત્ર કાગળ પર કાર્યવાહી બતાવીને અંદરોઅંદર સેટલમેન્ટ કરી દેવાય છે કે કેમ તેવા સવાલો ઉઠી રહ્યા છે. મનપાના ફૂડ વિભાગની આ પોલ ખુલ્લી પડતાં હવે જનતા સીધો સવાલ પૂછી રહી છે કે આ બધું કોની રહેમરાહ હેઠળ થઈ રહ્યું છે? આટલી ગંભીર બેદરકારી અને કાયદાના ઉલ્લંઘન છતાં જવાબદાર અધિકારીઓ કેમ કોઈ કડક પગલાં નથી લેતા? શું નીચલા સ્તરના કર્મચારીઓથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી સેટલમેન્ટના તાર જોડાયેલા છે? જો કોઈ અનિચ્છનીય બનાવ કે મોટી ફૂડ પોઇઝનિંગની ઘટના બને, તો તેની જવાબદારી કોની રહેશે?

આ સમગ્ર મામલે મનપાના ફૂડ વિભાગે છેલ્લા એક વર્ષનો હિસાબ આપવો જ રહ્યો. છેલ્લા એક વર્ષ દરમિયાન મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા કુલ કેટલી પેઢીઓ, હોટલો કે કારખાનાઓને સીલ કરવામાં આવ્યા અને તેમાંથી કેટલી પેઢીઓ કલાકોમાં કે થોડા દિવસોમાં ધમધમતી થઈ ગઈ તેની શ્વેતપત્રિકા બહાર પાડવી જોઈએ. સૌથી મોટો સવાલ એ છે કે એકવાર દરોડો પાડી અથવા સીલ મારી આવ્યા પછી, શું તે પેઢી પર બીજી વખત સરપ્રાઈઝ ચેકિંગ કે રી-ઇન્સ્પેક્શન કરવામાં આવે છે ખરું? મોટાભાગના કિસ્સાઓમાં એકવાર કાર્યવાહી થયા પછી તે પેઢી તરફ ફરી કોઈ જોતું પણ નથી, જેના કારણે અપ્રામાણિક વેપારીઓને કોઈ પણ જાતનો ડર રહ્યો નથી. માત્ર સેમ્પલ લેવાના અને સીલ મારવાના નાટક બંધ કરીને મનપા તંત્ર ખરેખર લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરે તે અત્યંત જરૂરી છે. જો સીલ કરાયેલી પેઢીઓ કલાકોમાં જ ખુલતી રહેશે અને રિલિઝ કરેલી પેઢીઓનું ફરીથી ચેકિંગ નહીં થાય, તો મહાનગરપાલિકાના ફૂડ વિભાગ પરથી જનતાનો વિશ્વાસ સાવ ઊઠી જશે અને તંત્રએ આગામી દિવસોમાં જનઆક્રોશનો સામનો કરવો પડશે.

સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની તીવ્ર અસર : માવઠું પડે તો શાકભાજી, કપાસ અને મગફળીના પાકને વિપુલ નુકસાનની ભીતિ

રાજકોટ, તા. ૩૧

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાનમાં અચાનક ફેરફાર થયા બાદ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની આગાહી છે. સંદેશના એક અહેવાલ મુજબ, ભારતીય હવામાન વિભાગે અનેક જિલ્લાઓ અને આસપાસના કેન્દ્રશાસિત પ્રદેશો માટે વરસાદની ચેતવણી જારી કરી છે. આગાહીમાં સૌરાષ્ટ્રના જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતમાં, નવસારી અને વલસાડનો સમાવેશ થાય છે જ્યાં વરસાદ પડી શકે છે. આ ચેતવણી દમણ અને દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોને પણ આવરી લે છે. હવામાનમાં આ ફેરફાર શિયાળાની ઋતુ દરમિયાન થયો છે, જ્યારે આમાંના ઘણા વિસ્તારોમાં ખેડૂતો મોસમી પાક ઉગાડતા હોય છે અથવા લણણીની તૈયારી કરી રહ્યા હોય છે.

પવન સાથે વરસાદની શક્યતાએ પાકને નુકસાન થવાની ચિંતા વ્યક્ત કરી છે જે પાકની નજીક છે અથવા લણણીની રાહ જોઈ રહ્યા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં વાદળછાયું આકાશ અને કમોસમી વરસાદ પડી શકે છે. આ અહેવાલમાં ઈંખઉ ની આગાહીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ વરસાદની માત્રા, ચોક્કસ શરૂઆત અને અંત સમય, અથવા દરેક વિસ્તાર માટે અપેક્ષિત વરસાદનું વર્ગીકરણ આપવામાં આવ્યું નથી. ખેતી પર થતી અસરોમાં શાકભાજી, કપાસ, મગફળી અને અન્ય શિયાળુ પાકનો સમાવેશ થાય છે. લણણીના સમય દરમિયાન વરસાદ ખેતરોમાં ઉત્પાદનને અસર કરી શકે છે અને સૂકવણી, સંગ્રહ અને પરિવહનમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. ખેડૂતો માટે, જોખમ ફક્ત પાકના નુકસાન સુધી મર્યાદિત નથીઃ ભીના ખેતરો ગ્રામીણ રસ્તાઓ પર લણણી અને મુસાફરીને પણ અવરોધિત કરી શકે છે.

આ ચેતવણીની અસર કૃષિથી આગળ વધે છે, કારણ કે સૂચિબદ્ધ જિલ્લાઓમાં વિકસતા શહેરો, બજાર કેન્દ્રો અને ગ્રામીણ ઉત્પાદન વિસ્તારોને શહેરી વસાહતો સાથે જોડતા પરિવહન લિંક્સનો સમાવેશ થાય છે. અચાનક વરસાદ રસ્તાની સ્થિતિ, સ્થાનિક ડ્રેનેજ અને કૃષિ પેદાશોની હિલચાલને અસર કરી શકે છે, જોકે અહેવાલમાં રસ્તાઓ, જાહેર પરિવહન અથવા મ્યુનિસિપલ સેવાઓમાં કોઈ પુષ્ટિ થયેલ વિક્ષેપો ઓળખવામાં આવ્યા નથી.

જૂનાગઢ, રાજકોટ, અમરેલી અને ભાવનગર સૌરાષ્ટ્રના મુખ્ય શહેરી અને કૃષિ કેન્દ્રોમાંના એક છે, જ્યારે નવસારી અને વલસાડ દક્ષિણ ગુજરાતમાં મહત્વપૂર્ણ વસાહતો અને ઉત્પાદન વિસ્તારો છે. દમણ અને દાદરા અને નગર હવેલીનો સમાવેશ થવાથી આગાહી કરાયેલ હવામાન પ્રણાલી આસપાસના દરિયાકાંઠાના અને દક્ષિણ પ્રદેશોમાં વિસ્તરે છે.અહેવાલિત ચેતવણી ખેડૂતો અને સ્થાનિક વહીવટીતંત્રને પશ્ચિમી વિક્ષેપના વિકાસ સાથે વધુ ઈંખઉ અપડેટ્સ પર નજર રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. આગામી મહત્વપૂર્ણ માહિતી વિભાગની જિલ્લાવાર આગાહી અને લણણી, પાક સંરક્ષણ, રસ્તાની સ્થિતિ અથવા સ્થાનિક જાહેર સલામતી અંગેની કોઈપણ સત્તાવાર સલાહ હશે.

